Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પર્યુષણ અંક

જો મેળવેલું ધન પોતાને જ ભોગવવાનું હોય તો ધન હોવા છતાં કેમ મરી જાય છે? જ્યારે બધું ધન થઇ રહે ત્યારે મરવું જોઇએ. લાખોની સંપત્તિ પોતાની પાછળ મૂકી જતા જોવાય છે, અને પાછળથી તેનો ઉપયોગ કરનારા બીજા જ હોય છે તો પછી કેવી રીતે કહી શકાય કે જેને જે કંઇ મળે છે તે તેના જ ઉપભોગ માટે હોય છે?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | લેખકનું નામ | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | પ્રાર્થના | — | ૧૬૧ |
| ૨ | ક્ષમાપના | શ્રીમદ્ રાજચંદ્ર | ૧૬૨ |
| ૩ | અમૂલ્ય તત્ત્વવિચાર | ,, | ૧૬૩ |
| ૪ | ક્ષમા અને મૈત્રી | ડૉ. ભાઈલાલ એમ. બાવીસી | ૧૬૪ |
| ૫ | ઉપશમનું પર્વ | ડૉ. ઉપેન્દ્રરાય જે. સાંડેસરા | ૧૬૫ |
| ૬ | જૈનદર્શનમાં નય | શ્રી જિતેન્દ્ર જેટલી | ૧૬૯ |
| ૭ | પર્યુષણ પર્વનો વિશ્વને મંગળ સંદેશ | મુનિશ્રી જંબૂવિજયજી | ૧૭૩ |
| ૮ | કયો ધર્મ આજે વિશ્વધર્મ થવાને લાયક છે | શા. રતિલાલ મફાભાઈ | ૧૭૭ |
| ૯ | પર્યુષણ પર્વ એ આત્મવિશુદ્ધિનું મહાન પર્વ છે. | શ્રી ભાનુમતીબેન દલાલ | ૧૮૧ |
| ૧૦ | પાજો પ્રેરણા પર્વાધિરાજ | ડૉ. ભાઈલાલ એમ. બાવીશી | ૧૮૩ |
| ૧૧ | અવસર બેર બેર નહિ આવે | ઝવેરભાઈ બી. શેઠ | ૧૮૫ |




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ : ૬૪ ] શ્રાવણ-ભાદ્રપદ [ અંક ૧૦-૧૧

## પ્રાર્થના

तव पादौ मम हृदये मम हृदयं तव पदद्वये लीनम् ।
तिष्ठतु जिनेन्द्र ! तावत् यावन्निर्वाणसंप्राप्तिः ॥

હે જિનેન્દ્ર ! જ્યાં સુધી નિર્વાણની પ્રાપ્તિ ન થાય, ત્યાં સુધી તમારા ચરણો મારા હૃદયમાં લીન રહે અને મારૂં હૃદય તમારા ચરણોમાં લીન રહે.

## ક્ષમાપના

जं जं मणेण बद्धं जं जं भासियं पावं ।
जं जं काएण कयं मिच्छामि दुक्कडं तस्स ॥

જે જે પાપવૃત્તિઓ મેં મનમાં સંકલ્પી હોય, જે જે પાપ વિચારો મેં વાણીથી ઉચ્ચાર્યા હોય, અને જે જે પાપકર્મો મેં કાયાથી કર્યાં હોય તે સર્વે મારાં દુષ્કૃત્યો મિથ્યા થાઓ.

## શુભ ભાવના

क्षेमं सर्वप्रजानां प्रभवतु बलवान् धार्मिको भूमिपालः
काले काले च सम्यग् विलसतु मघवा व्याधयो यान्तु नाशम् ।
दुर्भिक्षं चौरमारी क्षणमपि जगतां मास्म भूज्जीवलोके
जैनेन्द्रं धर्मचक्रं प्रभवतु सततं सर्वसौख्यप्रदायि ॥

સર્વે પ્રજાઓનું કલ્યાણ હો, શાસક ધાર્મિક અને બલવાન હો, સમય સમય પર યોગ્ય વર્ષા વર્ષો, રોગનો નાશ હો, ક્યાંય પણ ચોરી ન હો, મહામારી ન ફેલાઓ અને સર્વ સુખોને આપનાર જિનેન્દ્રનું ધર્મચક્ર શક્તિશાળી હો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ક્ષમાપના

—શ્રીમદ્ રાજચંદ્ર

હે ભગવાન ! હું બહુ ભૂલી ગયો, મેં તમારાં અમૂલ્ય વચનને લક્ષમાં લીધાં નહીં. તમારાં કહેલા અનુપમ તત્ત્વનો મેં વિચાર કર્યો નહીં. તમારાં પ્રણીત કરેલાં ઉત્તમ શીલને સેવ્યું નહીં. તમારાં કહેલાં દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યાં નહીં. હે ભગવન્ ! હું ભૂલ્યો, આથડ્યો, રઝળ્યો અને અનંત સંસારની વિટમ્બનામાં પડયો છું. હું પાપી છું. હું બહુ મદોન્મત્ત અને કર્મરજથી કરીને મલિન છું. હે પરમાત્મા ! તમારાં કહેલાં તત્ત્વ વિના મારો મોક્ષ નથી. હું નિરંતર પ્રપંચમાં પડયો છું; અજ્ઞાનથી અંધ થયો છું. મારામાં વિવેકશકિત નથી, અને હું મૂઢ છું, નિરાશ્રિત છું, અનાથ છું. નિરાગી પરમાત્મા ! હવે હું તમારું, તમારા ધર્મનું અને તમારા મુનિનું શરણ ગ્રહું છું મારા અપરાધ ક્ષય થઈ હું તે સર્વ પાપથી મુકત થઉં એ મારી અભિલાષા છે. આગળ કરેલાં પાપોનો હું હવે પશ્ચાત્તાપ કરૂં છું. જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઉતરૂં છું, તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે. તમે નિરાગી, નિર્વિકારી, સચ્ચિદાનંદસ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોકયપ્રકાશક છો. હું માત્ર મારા હિતને અર્થે તમારી સાક્ષીએ ક્ષમા ચાહું છું. એક પળ પણ તમારાં કહેલાં તત્ત્વની શંકા ન થાય, તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહુ એજ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ ! હે સર્વજ્ઞ ભગવન્ ! તમને હું વિશેષ શું કહું ? તમારાથી કંઈ અજાણ્યું નથી. માત્ર પશ્ચાત્તાપથી હું કર્મજન્ય પાપની ક્ષમા ઇચ્છું છું.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

વિ. સ. ૧૯૪૧ : ૧૭મું વર્ષ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમૂલ્ય તત્ત્વવિચાર

( છંદ હરિગીત )

બહુ પુણ્યકેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો,
તોયે અરે ! ભવચક્રનો આંટો નહિ એક્કે ટળ્યો;
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો,
ક્ષણુ ક્ષણુ ભયંકર ભાવમરણે, કાં અહો રાચી રહો ? ૧

લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો ?
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું, એ નય ગ્રહો;
વધવાપણું સંસારનું, નરદેહને હારી જવો,
એનો વિચાર નહીં અહોહો ! એક પળ તમને હવે !!! ૨

નિર્દોષ સુખ નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે,
એ દિવ્યશકિતમાન જેથી જંજિરેથી નીકળે;
પરવસ્તુમાં નહિ મુંઝવો, એની દયા મુજને રહી,
એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાત્ દુઃખ તે સુખ નહીં. ૩

હું કોણ છું ? કયાંથી થયો ? શું સ્વરૂપ છે મારુ ખરું ?
કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરિહરું ?
એના વિચાર વિવેકપૂર્વક, શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનનાં સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં. ૪

તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું ?
નિર્દોષ નરનું કથન માનો, તેહ જેણે અનુભવ્યું;
રે ! આત્મ તારો ! આત્મ તારો ! શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો. ૫

વિ. સં. ૧૯૪૧ : ૧૭મું વર્ષ

—શ્રીમદ્ રાજચંદ્ર.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ક્ષમા ને મૈત્રી

પર્વાધિરાજ પુન્ય આગમને,
ભક્તિ ને ભાવના વરસે !
મૈત્રી મહા નદીમાં જોને,
ક્ષમાનાં નીર વહી રહ્યાં !
વેર - ઝેર ને દ્વેષ - કલેષ,
એ વહેણુમાં ઓગળી ગયાં !

સંવત્સરીને શુભ દિને,
આવો, આત્મન્, હળીએ-મળીએ,
એ સરિતામાં સ્નાન કરીને,
નિર્મળ ને વિશુદ્ધ બનીએ !
મતભેદો-મનભેદો ભૂલી,
સ્નેહ-સંબંધે સંધાઇએ !

પર્યુષણુને પવિત્ર પર્વે,
બાહ્ય આડંબર ત્યાગીને,
વિશુદ્ધ વિચારો સેવીએ !
શિવમ્, સત્યમ્, સુંદરમ્, ધ્યાતાં,
પરસ્પર ક્ષમીએ-ક્ષમાવીએ !
મૈત્રી-માર્ગે પ્રયાણુ કરીએ !!

* * * *

: લેખક :
ડૉ. ભાઈલાલ એમ. બાવીશી
એમ. બી. બી. એસ.

પાલીતાણા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉપશમનું પર્વ

ડૉ. ઉપેન્દ્રરાય જ. સાંડેસરા

જૈન ધર્મના લાંબા તહેવારોમાં ખાસ છ અઠ્ઠાઇઓ છે. તેમાં પણ પર્યુષણની અઠ્ઠાઇ વિશિષ્ટ છે. એનું કારણ એમાં પર્વશ્રેષ્ઠ સાંવત્સરિક પર્વ આવે છે તે છે. વગર કહ્યે પણ દરેક જૈન સમજે છે કે એ સૌથી વધુમાં વધુ આદરણીય પર્વ છે.

સંવત્સરી એટલે જૈન સાધુઓએ વર્ષાવાસ નક્કી કરવાનો દિવસ. અને જૈનમાત્રે અંતર્મુખ થઇને પર્યુપશમન એટલે કે ક્રોધ, માન, માયા અને લોભાદિ કષાયોનું ઉપશમન કરીને જીવનમાંથી વૈર, ઝેર, કટુતા અને હિંસાના મેલને ફેંકી દઇને શુદ્ધિ સાચવવાનો નિર્ધાર કરવાનો દિવસ. આત્મશુદ્ધિનો દિવસ. આ મહાપર્વના દિવસે બધાં નાનાં મોટાં સાથે મનમેળ કરવાનો અને જેમની સાથે મન ઊંચુ થયું હોય કે વિખવાદ થયો હોય તેમની સાથે ફરીથી પ્રેમસંબંધ બાંધીને હૃદયને શુદ્ધ કરવાનો આદેશ છે. એટલે તો હૃદયશુદ્ધિના આ પુરુષાર્થને સિદ્ધ કરવા માટે પર્યુષણના આઠે દિવસ લોકો અન્ય પ્રવૃત્તિઓ બને તેટલી ઘટાડે છે, તથા ત્યાગ, તપ, જ્ઞાન અને ભક્તિનું સંવર્ધન થાય અને આત્મોન્નતિ થાય એવાં કર્મો કરવા પ્રયત્નશીલ રહે છે. અને છેલ્લે દિવસે એટલે કે સંવત્સરીના દિવસે અંતર્નિરીક્ષણ કરીને **मिच्छा मि दुक्कडं** । કહી પોતે મન, વચન અને કર્મથી કરેલી ભૂલોની ક્ષમા માગવામાં આવે છે. અને બીજી વ્યક્તિએ કરેલી ભૂલોની ક્ષમા આપવામાં આવે છે. એટલું જ નહિ પણ મનુષ્યેતર અતિસૂક્ષ્મ જીવોનીય ક્ષમા મંગાય છે. તથા તેઓના પ્રત્યે જાણ્યે-અજાણ્યે જે કંઈ દુર્વર્તન થયું હોય તેની માફી માંગવામાં આવે છે.

પર્યુષણાના આ પવિત્ર દિવસોમાં સર્વભૂતહિતેરત, સર્વત્ર સમાનવૃત્તિ અને સંકલ્પવાળા તીર્થંકર પ્રભુ મહાવીરના, કષાયોનું ઉપશમન કરનારા નિર્મળ ચરિત્રનું વાંચન અને શ્રવણ કરવામાં આવે છે. પરન્તુ એ સાથે જ જો તેના ઉપર પૂરતું મનન અને ચર્ચા વિચારણા થતી હોય તો ભારુંડ પક્ષી જેવા એ અપ્રમત્ત તપસ્વી જીવન અર્થાત્ તીવ્ર પુરુષાર્થી જીવનનું આપણાં જીવનમાં પ્રતિબિમ્બ પડે અને આપણાં જીવન પણ સમ્યગ્ આચારવિચારથી ઉપશાન્ત અને નિર્મળ બને.

સર્વ પ્રાણી માત્રના હિત અર્થે જેમણે અસંખ્ય પરિષહો અને ઉપસર્ગો વેઠયા, જે જિતેન્દ્રિય થઈ ઉપશાન્ત થયા તે ભગવાન મહાવીરે અભ્યન્તર શત્રુઓને જીતવાનો અને આત્મૌપમ્યથી અહિંસક થવાનો અનુરોધ કર્યો છે: 'આચારાંગ'માં કહ્યું છે.

**इमेण चेव जुज्झाहि. किं ते जुज्झेण बज्झओ. जुद्धारिहं खलु दुल्लहं ।** 'આચારાંગ' ૫-૩-૪.

'ભાઇ! તારા આંતરિક શત્રુઓ (કષાયો) સાથે જ યુદ્ધ કર, બહારના શત્રુઓ સાથે લડવાથી શું લાભ છે? આંતરિક યુદ્ધ કરવા માટે આ માનવદેહ જેવું શ્રેષ્ઠ સાધન મળવું દુર્લભ છે' વળી કહે છે. 'હે સત્યપુરુષ! જેને તું હણવાનો વિચાર કરે છે તે તો તું પોતે જ છે. જેને તું તાબે કરવા માગે છે તે પણ તું જ છે. જેને તું દુઃખી કરવા ઇચ્છે છે તે પણ તું જ છે. જેને તું પકડવા ધારે છે તે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

યે તું જ છે. અને જેને તું મારી નાખવા ઇચ્છે છે તે પણ તું જ છે. આમ સમજીને જ અપ્રમત્ત ઋજુ પુરુષ બધા સાથે મૈત્રી રાખીને વર્તે છે. અને આત્મૌપમ્યથી કોઇને મારતો નથી, હણતો નથી, હણાવતો નથી.'

વળી મહાવીરસ્વામી આદેશ આપે છે :

**उवसमेण हणे कोहं माणं मद्दवया जिणे ।**
**मायमज्जवभावेण लोभं संतोसओ जिणे ।**
(દશ. ૮-૩૯)

ઉપશમથી ક્રોધને જીતવો, માર્દવથી અભિમાનને જીતવુ, સરળતાથી કપટને જીતવું અને સંતોષથી લોભને જીતવો.

' ઉત્તરાધ્યયનસૂત્રમાં ભગવાન મહાવીરે ઉપશમથી ક્રોધનો નાશ કરનારા, ગર્દભાલિ મુનિનું દૃષ્ટાંત આપ્યું છે.

' કાંપિલ્યનગરમાં સંજય નામનો એક રાજા હતો. એક સમયે તે રાજા મોટી ચતુરંગિણી સેના લઇને શિકાર કરવા માટે કાંપિલ્યના કેસર ઉદ્યાનમાં ગયો. ત્યાં એણે મૃગયાના રસમાં મસ્ત બનીને અસંખ્ય પશુઓનો સંહાર કર્યો. હવે આ કેસર ઉદ્યાનમાં ગર્દભાલિ નામના એક મુનિ ધ્યાન ધરતા હતા. પણ રાજાએ તો મૃગયાના કેફમાં ભાન ભૂલીને એ મુનિની બાજુ પણ બાણો ફેંકયાં, જેથી એક મૃગ મુનિની પાસે જ મૃત્યુ પામ્યું. મૃગની પાછળ જ દોડ્યા આવતા ઘોડેસવાર રાજાએ મરેલું મૃગ અને ધ્યાનસ્થ મુનિને જોયા. મુનિને જોતાં જ રાજા એમના ક્રોધાગ્નિથી ગભરાયો. એટલે બીતાં બીતાં ઘોડા ઉપરથી નીચે ઊતર્યો. વિનયપૂર્વક અણગારના ચરણમાં વન્દન કર્યું. અને અપરાધની ક્ષમા માંગી. પરન્તુ પૂજ્ય મુનિ મૌનપૂર્વક ધ્યાનમાં બેઠા હતા એટલે કંઇ જવાબ આપ્યો નહિ. એટલે વધુ ભયભીત થઇને રાજા બોલ્યો : ' ભગવન્ ! હું સંજય છું મને પ્રત્યુત્તર આપો. ક્રોધાયમાન થયેલા અણગાર પોતાના તેજથી કરોડો મનુષ્યોને પણ બાળી નાખે એવા સમર્થ હોય છે.'

એ પછી મુનિએ સમતાથી ઉત્તર આપ્યો : " રાજા ! હું તને અભય આપું છું. તું પણ તેવી જ રીતે બીજા પ્રાણીઓને અભયદાન આપ. આ અનિત્ય જીવલોકમાં શા માટે હિંસામાં આસક્ત થાય છે ? આ નાશવંત સંસારમાંથી બધી વસ્તુઓનો ત્યાગ કરીને જો તારે અવશપણે જવાનું જ છે, તો પછી શા માટે આસક્તિ રાખે છે ? જેમાં તું મોહ પામે છે એ જીવન અને રૂપ તો વીજળીના ચમકારા જેવાં ચંચળ છે. તું આત્મહિત કેમ સમજતો નથી ? સ્ત્રીઓ, પુત્રો અને બાન્ધવો મરેલાંની પાછળ જતાં નથી. પરમ દુઃખ પામેલા પુત્રો મૃત્યુ પામેલા પિતાને છેવટે તો સ્મશાનમાં લઇ જાય છે, અને તે જ પ્રમાણે માબાપ પણ મૃત પુત્રો અને બન્ધુઓને સ્મશાનમાં લઇ જાય છે. સંજય ! માણસ તો પોતાની સાથે પોતે કરેલાં શુભ-અશુભ કર્મને જ લઇ જાય છે."

વિદ્યા અને આચારના પારગામી, ઉપશમનથી ક્રોધને જીતનાર, આચાર્ય ગર્દભાલિના ઉપદેશથી સંવેગ અને નિર્વેદ પામીને રાજા સંજયે દીક્ષા લીધી તથા પ્રસન્ન મનવાળો થયો.

અસત્ય, ક્રોધ, વૈર, હિંસા, લોભ વગેરેથી કલુષિત ચિત્તને સંયમથી શાન્ત કરીને શોધન કરવાનો આદેશ અન્ય ધર્મોમાં પણ આપવામાં આવેલ છે. બૌદ્ધ ધર્મમાં કથા છે :

'રાજગૃહના પૂર્ણ શ્રેષ્ઠીની બુદ્ધભક્ત, શ્રદ્ધાળુ અને દાનશીલા કન્યા ઉત્તરાનો વિવાહ એ જ નગરના એક શ્રેષ્ઠીપુત્ર સાથે થયેલો. પણ એ શ્રેષ્ઠીપુત્ર અશ્રદ્ધાળુ હતો. તેથી સાસરે જઇને ઉત્તરા ભિક્ષુસંઘને દાન આપી શકી નહિ, તેમજ ધર્મકથા સાંભળી શકી નહિ. એટલે તેણે પિતાને સંદેશો કહાવ્યો કે, 'હું તો દાન ધર્મથી વંચિત થઇને કેદમાં પડી છું. ભગવાન તથાગતનાંયે દર્શન કરી શકતી નથી, આના કરતાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તો મને દાસી તરીકે ઘરની બહાર કાઢી મૂકી હોત તો સારું.' પૂર્ણ શ્રેષ્ઠી આ સાંભળી દુઃખી થયો. તેણે પુત્રીને દસ હજાર મહોરો મોકલી કહેવડાવ્યું કે, શહેરની સિરિમા ગણિકા રોજની હજાર સોના-મહોરો લે છે. તેને આ મહોરો આપી તેના બદલામાં તેને પંદર દિવસ તારા પતિની સેવામાં નિયુક્ત કરી તું પંદર દિવસ પુણ્ય કરજે.'

ઉત્તરાએ પિતાના કહ્યા મુજબ ગોઠવણ કરી પુણ્ય કરવા માંડયુ. પંદરમે દિવસે તે ખૂબ મહેનત કરવાથી થાકીને પરસેવે રેબઝેબ થઈ ગઇ હતી. એની આવી દશા જોઇને એનો પતિ મનમાં 'આ અત્યંત મૂર્ખ છે' કહીને હસ્યો. એને હસતો જોઇને શ્રેષ્ઠીપુત્ર હવે એક જ દિવસ સાથે રહેવાનો છે એ સમજ્યા વિના 'આ સ્ત્રીને શ્રેષ્ઠીપુત્ર સાથે મૈત્રી છે, એને હેરાન કરું' કહી સિરિમા નીચે આવી ને ઉત્તરા ઉપર ઊકળતું ઘી નાખ્યું. પણ ઉત્તરાએ એ જ વખતે એના તરફ મૈત્રીભાવના ધારણ કરી મૈત્રીભાવનાના પ્રભાવે ઊકળતું ઘી શીતળ જળ જેવું થયું. એટલે સિરિમા બીજું ઘી લેવા જવા માંડી. પણ એટલામાં તો ઉત્તરાની દાસીઓએ એને ખૂબ મારી. પરન્તુ ઉત્તરાએ એને છોડાવી. શરીરે તેલ માલિશ કરાવ્યું અને નવડાવી. હવે સિરિમાને પોતાની ભૂલ સમજાઇ. અને ઉત્તરાના પગમાં પડી ક્ષમા માંગવા માંડી, ઉત્તરાએ એને બુદ્ધ ભગવાન પાસે ક્ષમા માગવા કહ્યું.

બીજે દિવસે જ્યારે ભગવાન આવ્યા, ત્યારે અપવાસી ગણિકા એમના ચરણમાં નમી પડી અને રડતાં રડતાં બધી વાત કરીને માફી માગી. ત્યારે ભગવાને ઉત્તરાને આ બાબત વિશે પૂછી 'બહુ સારું ! બહુ સારું !' કહીને ગાથા બોલ્યા :

**अक्कोधेन जिने कोधं असाधुं साधुना जिने ।**
**जिने कदरियं दानेन सच्चेनालीकवादिनं ॥**

અક્રોધથી ક્રોધને જીતવો, સજ્જનતાથી દુર્જનને જીતવો. દાનથી અતિ કંજુસને જીતવો અને સત્યથી જૂઠાબોલાને જીતવો.

એવી જ રીતે વૈદિક પરંપરાના સન્માન્ય મહાગ્રંથ મહાભારતમાં આ વિચારને પ્રતિપાદિત કરતી આખ્યાયિકા આ પ્રમાણે છે :

'કુરુકુળનો સુહોત્ર રાજા એક વખતે મહર્ષિઓને મળીને રથમાં પાછો આવતો હતો. રસ્તામાં સામેથી આવતો શિબિ રાજા મળ્યો. બન્ને એકબીજાને ભેટ્યા અને વય પ્રમાણે એકબીજાનો સત્કાર કર્યો. પણ બન્નેએ પોતપોતાને ગુણમાં સમાન ગણ્યા અને કોઇએ રસ્તો ન આપ્યો. એ દરમિયાન નારદ ઋષિ ત્યાં આવ્યા અને રસ્તો રોકવાનું કારણ પૂછ્યું, વસ્તુસ્થિતિ જાણી લઇને એમણે રાજા સુહોત્રને કહ્યું: ' કૌરવ ! ક્રૂર કોમળ પ્રત્યે ક્રૂર થાય છે, અને કોમળ ક્રૂર પ્રત્યે પણ કોમળ થાય છે. હે કૌરવ ! સજ્જન દુર્જન પ્રત્યે પણ સજ્જન રહે છે તો સજ્જન પ્રત્યે તે શા માટે સજ્જન ન રહે ? કર્યા ઉપકારનો સો ગણો બદલો આપવો જોઇએ એવો શું દેવાનો નિયમ નથી કે ? તારા કરતાં ઉશીનરનો પુત્ર શિબિ વધારે સાધુચરિત્રવાળો છે.' એટલું બોલીને છેલ્લે ઉમેર્યું :

**जयेत्कदर्यं दानेन सत्येनानृतवादिनम् ।**
**क्षमया क्रूरकर्माणमसाधुं साधुना जयेत् ॥**

કંજુસને દાનથી જીતવો, સત્યથી જૂઠાબોલાને જીતવો, ક્ષમાથી ક્રૂરકર્મીને જીતવો અને સજ્જનતાથી દુર્જનને જીતવો. તમે બન્ને ઉદાર છો માટે સમજીને નિર્ણય કરો.'

એ સાંભળીને રાજા સુહોત્રે શિબિની પ્રદક્ષિણા કરીને તેને માર્ગ આપ્યો. પછી શિબિનાં ઘણાં શુભકર્મોની પ્રશંસા કરીને ચાલ્યો ગયો. આમ કષાયોનું ઉપશમન કરવાની ભાવનાને અન્ય ધર્મોએ પુરસ્કારી છે.

આત્મહિત ચાહનારા મનુષ્યે પાપને વધારનારા ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર દોષોનો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જીવનમાંથી ત્યાગ કરવો. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ વ્રતોનું જીવનમાં સ્થાપન કરવું અને એમ ચઢિયાતા ભૌતિક બળથી નહિ પણ, ચઢિયાતા આત્મિક બળથી, બાહ્ય અને આભ્યંતર શત્રુઓ ઉપર જય પ્રાપ્ત કરવાનો આદેશ આપતી પ્રભુ મહાવીરની વાણી, સર્વસામાન્ય ભારતીય શ્રીભંડારની અમૂલ્ય સંપત્તિ છે. સાંવત્સરિક પર્વના આ પવિત્ર દિવસે એ વાણીનું રહસ્ય હૃદ્દગત કરી ઉપશાન્ત થઈને આપણે સાચા અર્થમાં જૈન એટલે કે સર્વજિત જિન ભગવાનના અનુયાયી થઈએ.

जो उवसमइ तस्स अत्थि आराहणा ।
जो नोवसमइ तस्य नत्थि आराहणा ॥

જે ઉપશાન્ત થાય છે તેને આરાધના છે. (ધર્મારાધન કર્યું છે) જે ઉપશાન્ત નથી થતો તેણે ધર્મારાધન કર્યું નથી.

# લાલભાઈ દલપતભાઈ વિદ્યામંદિર : અમદાવાદ. ૯

## लालभाई दलपतभाई ग्रन्थमाला

१. सप्तपदार्थी—शिवादित्यकृत, जिनवर्धनसूरिकृतटीका सह ४-००
2. 5 CATALOGUE OF SANSKRIT AND PRAKRIT MANUSCRIPTS : MUNI SHRI PUNYAVIJAYAJI'S COLLECTION. PART I Rs. 50-00. PART II Rs. 40-00
३. काव्यशिक्षा—विनयचंद्रसूरिकृत १०-००
४. योगशतक—आचार्य हरिभद्रकृत स्वोपज्ञवृत्ति तथा ब्रह्मसिद्धान्तसमुच्चय सह ५-००
६. रत्नाकरावतारिका—रत्नप्रभसूरिकृत, प्रथम भाग गुजराती अनुवाद सह ८-००
७. गीतगोविन्दकाव्यम्—महाकविश्रीजयदेवविरचित, मानाङ्कटीका सह ८-००
८. नेमिरंगरत्नाकर छंद—कविलावण्यसमयकृत ६-००
9. THE NATYADARPANA OF RAMACANDRA AND GUNACANDRA : A CRITICAL STUDY: Dr. K. H. Trivedi 30-00
१०. विशेषावश्यकभाष्य—स्वोपज्ञवृत्ति सह प्रथम भाग १५-००
11. AKALANKA'S CRITICISM OF DHARMAKIRTI'S PHILOSOPHY : A STUDY : DR. NAGIN SHAH 30-00
१२. रत्नाकरावतारिकाद्यश्लोकशतार्थी—वाचकश्रीमाणिक्यगणि ८-००
१३. शब्दानुशासन—आचार्य मलयगिरिविरचित ३०-००



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈનદર્શનમાં નય

લે. જિતેન્દ્ર જેટલી

જૈનદર્શનમાં કુલ સાત નયો દર્શાવવામાં આવ્યા છે. (૧) નૈગમ (૨) સંગ્રહ, (૩) વ્યવહાર, (૪) ઋજુસૂત્ર, (૫) શબ્દ, (૬) સમભિરૂઢ તથા (૭) એવંભૂત. આ સાત નયો દર્શાવવાનું પ્રયોજન વિચારતાં પહેલા કિંવા આ સાત નયો શું છે એનો સંક્ષેપમાં વિચાર કરીએ એ પહેલાં નયનું સામાન્ય સ્વરૂપ અને એનું પ્રયોજન જાણવું જરૂરી છે.

નયના સ્વરૂપ વિશે વિચારતાં આચાર્ય ભદ્રબાહુ જણાવે છે કે–

**सव्वेसिं पि णयाणं**
**बहुविह वत्तव्वयं णिसामित्ता ।**
**तं सव्वनयविसुद्धं,**
**जं चरणगुणाट्ठिओ साहू ।**
**आव. निर्युक्ति १०–५५**

ચરણ ગુણસ્થિતિ એ પરમ મધ્યસ્થતાનું સ્વરૂપ છે. આ સ્થિતિએ રાગદ્વેષનો સંપૂર્ણ ક્ષય થયા પછી જ પહોંચાય છે. નયનો ઉદ્દેશ પણ મનુષ્યના ચિત્તમાં મધ્યસ્થતા વધે, મનુષ્ય વિશેષ કરીને બીજાના વિચાર ઉપર સરળતાથી વિચાર કરતો થાય તથા જુદા જુદા વિરોધી મંતવ્યો જણાતા હોય એનો પરસ્પર સમન્વય કેમ થાય અને એ વિશેની યોગ્યતાનો વિકાસ કેમ થાય એ છે.

સામાન્યપણે કોઇ પણ વ્યક્તિ હંમેશ માટે કોઈ પણ પદાર્થ વિશે એક જ દષ્ટિથી જોતી નથી હોતી. દેશ, કાળ અને પરિસ્થિતિના ફેરફાર મુજબ જોનારની દષ્ટિમાં પણ ફેરફાર થયા જ કરતો હોય છે. આ મુજબ એ પદાર્થનું નિરૂપણ કરે છે અને આ રીતે એના નિરૂપણમાં ફેરફાર પણ આપણે જોઇ શકીએ છીએ. જો જોનારનો વિચાર મૂળ પદાર્થની તરફ હશે તો એ પોતાના વિચારને એ રીતે જ પ્રગટ કરશે. એનો વિચાર મૂળ પદાર્થના પર્યાય તરફનો હશે તો એ પોતાના વિચાર એ રીતે પ્રગટ કરશે. આવા સમયે સમજુ શ્રોતાની એ ફરજ બને છે કે બોલનાર શા ઇરાદાથી આ વાત કહે છે એ સમજવું. એ ન સમજાય અને શ્રોતા–સાંભળનાર કેવળ પોતાની જ દષ્ટિનો અને વિચારનો આગ્રહ રાખે તો વિવાદ અને કલહ થાય છે. આમ ન થાય તે માટે સામાન્યપણે વક્તાનો ઇરાદો શું છે એ સમજી લેવું જરૂરી બને છે: વિવક્ષા કિંવા બોલનારના ઇરાદાના સામાન્ય રીતે પાંચ પ્રકાર ગણાવી શકાય.

(૧) દ્રવ્યની વિવક્ષા–જેમ કે દૂધમાં મીઠાશ તથા સફેદ વગેરે રૂપ હોય છે.

(૨) પર્યાયની વિવક્ષા–મીઠાશ તથા એનું સફેદ રૂપ એ જ દૂધ છે.

(૩) કેવળ દ્રવ્યના અસ્તિત્વની વિવક્ષા–દૂધ છે.

(૪) કેવળ પર્યાયના અસ્તિત્વની વિવક્ષા-મીઠાશ છે. તથા રૂપ વગેરે છે.

(૫) ધર્મ સંબંધની વિવક્ષા દૂધની મીઠાશ. દૂધનું રૂપ વગેરે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આનું વર્ગીકરણ કરવાથી બે પ્રકારની દૃષ્ટિઓ બને છે : (૧) દ્રવ્યપ્રધાન દૃષ્ટિ કિંવા અભેદપ્રધાન દૃષ્ટિ. (૨ પર્યાયપ્રધાન કિંવા ભેદપ્રધાન દૃષ્ટિ. હવે નયનું સ્વરૂપ એ છે કે વ્યક્તિ પોતાના વિચારો કઇ દૃષ્ટિએ રજૂ કરે છે એ સમજવાનું છે

નયનું સ્વરૂપ સંક્ષેપમાં આ પ્રમાણે છે.

કહેવાની– અભિધેય વસ્તુ બે છે. (૧) પદાર્થ, દ્રવ્ય તથા (૨) પદાર્થની કિંવા દ્રવ્યની જુદી જુદી અવસ્થાઓ. આ કહેવા માટેના અર્થાત વિચારો વ્યક્ત કરવાના સાધન પણ બે છે (૧) અર્થ તથા (૨) શબ્દ. આ અર્થના પ્રકાર પણ બે છે. (૧) સામાન્ય તથા (૨) વિશેષ. વળી શબ્દની પ્રવૃત્તિના કારણો પણ બે છે (૧) રૂઢિ તથા (૨) વ્યુત્પત્તિ. વ્યુત્પત્તિ અનુસાર પ્રયોગના કારણ પણ બે છે. (૧) સામાન્ય નિમિત્ત તથા (૨) તત્કાલભાવિ નિમિત્ત. આ બધાનો સમગ્રપણે વિચાર કરતાં સાત નયોનું સંક્ષિપ્તરૂપ આ પ્રમાણે થાય.

(૧) **નૈગમ નય** : સામાન્ય તથા વિશેષના સંયુક્તરૂપનું નિરૂપણ એ નૈગમ નય છે

(૨) **સંગ્રહ નય** : કેટલાક સામાન્યનું નિરૂપણ એ સંગ્રહ નય છે. કારણ કે સામાન્ય દ્વારા બધા પદાર્થનો સંગ્રહ થઇ જાય છે.

(૩) **વ્યવહાર નય** : કેવળ વિશેષનું નિરૂપણ એ વ્યવહારનય છે. કારણ કે વ્યવહારમાં વ્યક્તિ શા, નિરૂપણ મુખ્ય હોય છે અને વ્યવહાર એ રીતે જ ચાલતો હોય છે.

(૪) **ઋજુસૂત્ર નય** : પદાર્થમાં રહેલ ક્ષણ સામાન્ય અને વિશેષનું નિરૂપણ એ ઋજુસૂત્ર નય છે. કારણ કે એ સમજવામાં ઋજુસૂત્ર કિંવા સરળતા છે.

(૫) **શબ્દ** : વ્યવહારમાં તે તે પદાર્થ માટે રૂઢ થઇ ગએલ શબ્દો દ્વારા પોતાનો અભિપ્રાય વ્યકત કરવો એ શબ્દ નય છે.

(૬) **સમભિરૂઢ** : વ્યુત્પત્તિ દ્વારા થનાર શબ્દ દ્વારા અભિપ્રાય વ્યકત કરવાની રીત એ સમભિરૂઢ નય છે.

(૭) **એવંભૂત** : વર્તમાન કિંવા તત્કાળ વ્યુત્પત્તિ અનુસાર શબ્દ વાપરી અભિપ્રાય કરવાની રીતને એવંભૂત નય કહેવામાં આવે છે

આમ આપણે સંક્ષેપમાં જોઇશું તો આ સાતે નયોમાં શાબ્દિક તથા આર્થિક, વાસ્તવિક તેમ જ વ્યાવહારિક, દ્રવ્ય સંબંધી તથા પર્યાય સંબંધી બધાએ પ્રકારના વ્યકત થતા અભિપ્રાયો સંગ્રહીત થઇ જાય છે. એટલે નયો સમજવા અને એ મુજબ બોલનારનો અભિપ્રાય સમજવો એ મુખ્ય બાબત બની રહે છે.

તાદાત્મ્યની અપેક્ષાએ સામાન્ય અને વિશેષની ભિન્નતાનું સમર્થન કરવામાં આવે છે. આ દૃષ્ટિ નૈગમનય છે. આ ઉભયગ્રાહિણી દૃષ્ટિ છે. સામાન્ય તથા વિશેષ બન્ને એના વિષય છે. આનાથી સામાન્ય વિશેષાત્મક વસ્તુના એક દેશનું જ્ઞાન થાય છે. કણાદ તથા ગૌતમ બન્ને સામાન્ય તથા વિશેષને સામાન્ય પદાર્થ તરીકે સ્વીકારે છે. જૈનો આ દૃષ્ટિનો સ્વીકાર કરતા નથી. કારણ કે અનુભવમાં કયાંય પણ સામાન્ય રહિત વિશેષ શેષ રહિત શુદ્ધ કેવિ સામાન્યની પ્રતીતિ થતી નથી. વસ્તુત આ બન્ને પદાર્થોના ધર્મ છે, સ્વતંત્ર પદાર્થ નથી. એક પદાર્થની બીજા પદાર્થના દેશ તથા કાળમાં અનુવૃત્તિ થવી એ પદાર્થનો સામાન્ય અંશ છે. તથા એક પદાર્થનું બીજા પદાર્થથી પાર્થકય એ એનો વિશેષ અંશ છે. કેવળ અનુવૃત્તિરૂપ કે કેવળ વ્યાવૃત્તિરૂપ કોઇ પદાર્થ હોતો નથી. જે પદાર્થની જે સમયે અન્ય પદાર્થમાં અનુવૃત્તિ હોય છે એ સમયે એ પદાર્થની અન્યપદાર્થ સાથે વ્યાવૃત્તિ પણ હોય છે.

હવે આ સામાન્ય વિશેષાત્મક પદાર્થનું જ્ઞાન પ્રમાણથી થાય છે. પ્રમાણનો વિષય અખંડ વસ્તુ છે, વસ્તુનો એક અંશ કે અમુક અંશો નહિ. નયનો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિષય વસ્તુનો એક યા એકથી વધારે અંશ હોય છે બધા અંશો નહિ. માટે જ નય એ પ્રમાણ નથી. આ રીતે નૈગમનય જ્ઞાનના અનેક માર્ગો સાથે સંકળાએલ હોવા છતાં અને વસ્તુના એક કરતાં વધારે અંશોનું જ્ઞાન કરાવતા હોવા છતાં પ્રમાણ નથી. નૈગમનયમાં જ્યાં સામાન્ય મુખ્ય હશે ત્યાં વિશેષ ગૌણ રહેશે તથા જ્યાં વિશેષ મુખ્ય રહેશે ત્યાં સામાન્ય ગૌણ રહેશે, જ્યારે વસ્તુના અખંડ જ્ઞાનમાં બધા જ અંશો એકી સાથે મુખ્ય ભાવ ધરાવશે.

સંગ્રહનય કેવળ સામાન્ય અંશનું જ ગ્રહણ કરે છે જ્યારે વ્યવહાર નય માત્ર વિશેષ અંશનું. નૈગમનય જ બન્ને અંશોનું ગ્રહણ કરે છે. નૈગમનય અનુસાર દ્રવ્ય તથા પર્યાયની સમાન સ્થિતિમાં એકી સાથે ગ્રહણ થતું નથી. પ્રમાણની દૃષ્ટિએ દ્રવ્ય તથા પર્યાયમાં કથંચિત ભેદ તથા કથંચિત અભેદ છે. પ્રમાણ ભેદાભેદનું એકી સાથે ગ્રહણ કરે છે નૈગમનય નહિ. નૈગમનયમાં જ્યારે અભેદનું ગ્રહણ થાય ત્યારે ભેદ ગૌણ બને છે અને ભેદનું ગ્રહણ થાય ત્યારે અભેદ ગૌણ થઈ જાય છે.

નૈગમના ત્રણ ભેદ છે. (૧) દ્રવ્ય નૈગમ, (૨) પર્યાય નૈગમ તથા (૩) દ્રવ્ય પર્યાય નૈગમ. એમના કાર્યનો ક્રમ આ પ્રમાણે છે. (૧) બે વસ્તુઓનું ગ્રહણ, (૨) બે અવસ્થાઓનું ગ્રહણ તથા (૩) એક વસ્તુ અને એક અવસ્થાનું ગ્રહણ.

એક રીતે કહીએ તો નૈગમનય એ જૈન દર્શનના અનેકાન્તવાદનું પ્રતીક છે. જૈન દર્શન અનુસાર નાનાત્વ તથા એકત્વ બન્ને સત્ય છે. એકત્વ નિરપેક્ષ નાનાત્વ તથા નાનાત્વ નિરપેક્ષ એકત્વ આ બન્ને મિથ્યા છે. એકત્વ એ એક સાપેક્ષિક સત્ય છે જેમકે ગોત્વની દૃષ્ટિએ બધી ગાયોમાં એકત્વ છે: પરંતુ ગો વ્યકિતની અપેક્ષાએ ગાયોમાં નાનાત્વ પણ છે. આમ ઉપર સામાન્ય એનું વિશેષ જેમાં એકત્વ તથા નાનાત્વ સાપેક્ષ છે એમ સ્પષ્ટ જણાઈ આવશે. આ સાપેક્ષ દૃષ્ટિ એ નૈગમનય છે.

**સંગ્રહ તથા વ્યવહાર નય :**

અભેદ તથા ભેદમાં સ્વરૂપ સંબંધ કિંવા તાદાત્મ્ય સંબંધ છે. સંબંધ બેનો જ હોઇ શકે. કેવળ ભેદ કે કેવળ અભેદમાં કોઈ સંબંધ ન હોઇ શકે. હવે અભેદનું (૧) શુદ્ધરૂપ સત્તારૂપ સામાન્ય કિંવા મહાસત્તા-નિર્વિકલ્પ મહાસત્તા છે. (૨) એનું અશુદ્ધરૂપ અવાંતર સામાન્ય કિંવા બરાબર સામાન્ય એટલે કે સામાન્ય વિશેષોભયાત્મક સામાન્ય છે. એજ રીતે ભેદનું શુદ્ધ રૂપ (૧) અનન્ય સ્વરૂપ-વ્યાવૃત્તિ તથા (૨) અશુદ્ધરૂપ અવાંતર વિશેષ છે. આમ સંગ્રહનય સમન્વયની દૃષ્ટિથી જુએ છે જ્યારે વ્યવહારનય વિભાજનની દૃષ્ટિથી. સગ્રહ દૃષ્ટિ સમાવેશમૂલક હોઇ ધીરે ધીરે એકતા તરફ લઈ જાય છે જ્યારે વ્યવહાર દૃષ્ટિ ભેદમૂલક હોઇ ધીરે ધીરે વસ્તુની અનન્તતા તરફ લઇ જાય છે.

હવે જો બધી વસ્તુઓ સંપૂર્ણ ભિન્ન જ હોત તો સંગ્રહ નયની વાત ત્રુટિપૂર્ણ ગણાત અને બધી વસ્તુઓમાં સંપૂર્ણ એકતા જ હોત તો સંગ્રહનયની વાત અપૂર્ણ રહેત. પરંતુ બધા પદાર્થો નથી સર્વથા ભિન્ન કે નથી સર્વથા અભિન્ન. એટલે આ બે દૃષ્ટિમાંથી કોઈ પણ એકનો આત્યન્તિક સ્વીકાર થઇ શકે નહિ

વ્યવહાર નય સામાન્ય રીતે ઉપચાર બહુલ તથા લૌકિક પણ હોય છે. જેમ કે 'પર્વત બળે છે' એમાં પર્વત બળતો નથી પણ પર્વતવાળા ભાગના મોટા પ્રદેશમાં આગ લાગી છે. 'રસ્તો જાય છે' આમાં નિરન્તરતાની પ્રતીતિ એક પ્રયોજન છે.

**ઋજુસૂત્ર :**

આ વર્તમાનપરક દૃષ્ટિ છે. આ દૃષ્ટિ ભૂત તથા ભવિષ્યની વાસ્તવિક સત્તાનો સ્વીકાર કરતી નથી. આ દૃષ્ટિએ ભૂત એ નષ્ટ થઇ ચુકેલ છે જ્યારે ભવિષ્યનો આરંભ જ નથી થયો એ રીતે ભૂતકાલીન કે ભવિષ્યકાલીન વસ્તુ પોતાનું કામ કરવામાં સમર્થ ન હોઇ પ્રમાણનો વિષય બ શકતી નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પોતાનુ કામ કરવામાં સમર્થ એ માત્ર વર્તમાનકાલીન વસ્તુ છે આ નય અનુસાર ક્રિયાકાલ તથા નિષ્ઠાકાલનો આધાર એક કાલ ન થઇ શકે. સાધ્ય અવસ્થા તથા સાધનાવસ્થાનો કાલ ભિન્ન હોઇ જુદા જુદા કામનું આધારભૂત દ્રવ્ય સ્વયંભિન્ન થશે એ અવસ્થાઓનો પણ સમન્વય ન થઇ શકે આમ આ દૃષ્ટિ પૌર્વાપર્ય, કાર્ય કારણ આદિ અવસ્થાઓના અસ્તિત્વની સમર્થક છે.

**શબ્દ નય :**


શબ્દ નય જુદાં જુદાં લિંગ, વચન વગેરેથી યુક્ત શબ્દોનો જુદો જુદો અર્થ સ્વીકારે છે. આ દૃષ્ટિ શબ્દ, રૂપ તથા એના અંગોની નિયામક છે. વ્યાકરણની લિંગ વચન વગેરેની અનિયમિતાને આ પ્રમાણુ નથી માનતી. એટલે કે પુલ્લિંગનો વાચ્ય અર્થ સ્ત્રીલિંગને વાચ્ય ન બની શકે. પ્રત્યેક શબ્દનો પોતાનો અર્થ જુદો જુદો હોય છે જેમકે નદી એટલે નદી અને નદ એટલે સમુદ્ર જેવી વિશાળ નદી. આ જ રીતે વચન વગેરેમાં સમજવું આ દૃષ્ટિ પ્રત્યેક શબ્દ પ્રયોગની પાછળ એનો ઇતિહાસ જાણવામાં અત્યંત સહાયક છે. આમ છતાં આ અમુક અંશનું જ્ઞાન કરાવતી હોઇ સંપૂર્ણ પ્રમાણુ નથી.

**સમભિરૂઢ નય :**

એક પદાર્થનું બીજા પદાર્થમાં સંક્રમણુ થતું નથી. એટલે કે પ્રત્યેક વસ્તુ પોતાનાં સ્વરૂપમાં રહેલી છે. જેમકે આપણે ભૂપ અને નૃપના અર્થ એક જ કરીએ છીએ પણ સમભિરૂઢ દૃષ્ટિ આમાં ના પાડે છે. ભૂત એટલે જમીનનો પાલક અને નૃપ એટલે માણસનો પાલક. આમ સમભિરૂઢ દૃષ્ટિ સામાન્યતઃ અર્થવાળી દૃષ્ટિનો સ્વીકાર કરતી નથી. આ દૃષ્ટિ પર્યાય જેવા જણાતા શબ્દોનો પણ સાચો મૂળ અર્થ જાણવામાં અત્યંત સહાયક છે. છતાં એ વસ્તુના એકાંશને જણાવતી હોઈ સંપૂર્ણ પ્રમાણુ નથી.

**એવંભૂત :**

સમભિરૂઢમાં આમ એક પ્રકારની સ્થિરતા છે. એ ભૂતકાળની તથા ભવિષ્યની વસ્તુ વિશે પણ શબ્દ પ્રયોગ કરી શકે છે. એવંભૂત એનો સ્વીકાર કરતી નથી. આ નયની દૃષ્ટિએ ઘડો ત્યારે જ ઘડો કહેવાય જ્યારે એનાથી પાણી લઈ જવાતું હોય. પહેલાં જેનાથી પાણી લઇ જવાયું હોય એવા ભૂતકાલીન ઘટને કે ઉત્પન્ન થએલ ઘટ કે જેનાથી ભવિષ્યમાં પાણી લઇ જવાતું હોય એને ઘટ નહિ કહી શકાય. આમ તાત્કાલિક ક્રિયાયોગ સૂચવતી આ દૃષ્ટિ પણ ઉપયોગી છે. આ રીતે આ બધા નયોનો ઉપયોગ હોવા છતાં તેઓ સર્વાંગી ન હોઇ પ્રમાણ નથી. પરંતુ નયનો સ્વીકાર એ જૈન દર્શનની અનેકાન્તિકતા પ્રત્યેની દૃષ્ટિએ સ્પષ્ટ હોઈ એમાં પરદર્શન પ્રત્યેની દાર્શનિક સહિષ્ણુતા રહેલી છે. અનેકાન્તવાદનું રહસ્ય પણ આ નયોના સ્વીકારમાં રહેલું છે.





For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પર્યુષણ પર્વનો વિશ્વને મંગળ સંદેશો

મુનિરાજશ્રી ભુવનવિજયજી મહારાજના શિષ્ય મુનિશ્રી જંબૂવિજયજી મહારાજ

ધર્મપ્રધાન ભારતવર્ષની અંદર આર્યકુળમાં જન્મેલા મનુષ્યનું એ સદ્‌ભાગ્ય છે કે એને પરમાત્મા, આત્મા, પુણ્ય, પાપ, ધર્મ, અધર્મ, પરલોક, મુક્તિ આદિ સિદ્ધાંતો ઉપર પ્રાયઃ જન્મસિદ્ધ શ્રદ્ધા હોય છે. આમ છતાંયે એ હકીકત છે કે સામાન્ય રીતે જીવનની જંજાળમાં અને મોહમાયાના પાશમાં એ એટલો બધો અટવાઇ ગયો હોય છે કે ચાલુ જીવન-વ્યવહાર કરતી વખતે આત્મા, ધર્મ આદિ વિષે એ ભાગ્યે જ વિચાર કરતો હોય છે. અર્થ અને કામના વિચારોમાં એ એટલો બધો આસકત અને ઓતપ્રોત થઇ ગયો છે કે ભવિષ્યના અનંત જીવનને સુખમય બનાવવાને બદલે વર્તમાન કાળ કે જે અતિઅલ્પ છે તેને જ સર્વસ્વ માની કાળનાં ક્ષણજીવી અને કાલ્પનિક સુખોને માટે એ નિરંતર તરફડતો રહે છે અને એની પાછળ જ મહામૂલ્યવાન માનવ જીવનને એ વેડફી નાખે છે. આવા આત્માઓને મોહ અને પ્રમાદની નિદ્રામાંથી જાગૃત કરવા માટે મહાપુરુષો પર્વની યોજના કરે છે કે જેથી પર્વના દિવસોમાં પ્રેરણા અને જાગૃતિ મેળવીને આત્મા પોતાના લક્ષ્ય તરફ આગળ વધે અને માનવ જીવનને સાર્થક કરે. જૈનદર્શનની એ વિશેષતા છે કે તેનાં એકેએક પર્વો આધ્યાત્મિકતા વિકસાવવા અને તપ-ત્યાગ આદિ ગુણોને કેળવવા માટે જ યોજાયેલાં છે. જૈનદર્શનનાં પર્વોમાં પર્યુષણા એ સૌથી મહાન પર્વ મણાય છે. પરિ-ઉષણા સમસ્ત ભાવે આત્મામાં વસવું એનું નામ પર્યુષણા. વિષય, વિલાસ અને વિકારો તરફ દોડતી મનોવૃત્તિને તપ, ત્યાગ, ક્ષમા આદિ દ્વારા શમાવીને આત્મા તરફ આ પર્વમાં વિશેષે કરીને વાળવામાં આવે છે. સંવત્સરમાં-વર્ષમાં એકવાર આવતું હોવાથી આ પર્વને સંવત્સરી પર્વ પણ કહેવામાં આવે છે. આ સંવત્સરી પર્વની ઉજવણી સાત દિવસ પૂર્વે શરૂ થતી હોવાથી આઠ દિવસનું પર્યુષણા પર્વ ગણાય છે. આ પર્વ ભલે જૈનોમાં જ ઉજવાતું હોય પણ એનો જે સંદેશો છે તે તો સમગ્ર વિશ્વનું કલ્યાણ કરનારો છે. આ પર્વનો મુખ્ય સંદેશો કયો છે તે જોઇએ.

સુખ સર્વેને પ્રિય છે અને દુઃખ સર્વેને અપ્રિય છે. દુઃખમાંથી છૂટકવા અને સુખ પ્રાપ્ત કરવા દરેક આત્મા અહર્નિશ પ્રવૃત્તિ કરે છે. છતાં ભાગ્યે જ કોઇ પણ માણસ જીવનમાં ખરેખર સુખશાંતિ પામતો હોય છે. કારણ? કારણ એ જ છે કે સુખ કયાં છે અને સુખનાં સાચાં સાધનો કયાં છે એની એને ખબર જ નથી. જે પદાર્થોમાં સુખ નથી એ પદાર્થોમાં જ એ સુખને શોધી રહ્યો છે. સુખ બાહ્ય પદાર્થોમાં ભર્યું છે એમ માનીને એ પદાર્થો મેળવવા માટે જગત પૂર ઝડપથી દોડી રહ્યું છે. જાતજાતના પદાર્થો મેળવવા માટે જ આપસ આપસમાં લૂંટાલૂંટ ચાલી રહી છે. તેને પરિણામે આજે જગતમાં ચારે બાજુ વિગ્રહો ચાલી રહ્યા છે. આજે જગતમાં જ્ઞાનનો વિસ્તાર વધ્યો છે પણ ઊંડાણ તદ્દન ઘટી ગયું છે. આત્મજ્ઞાની પુરુષો કહે છે કે સુખ આત્માનો ગુણ છે, જડ પદાર્થનો ગુણ નથી. એટલે જડ પદાર્થોમાં અનંતકાળ સુધી સુખ શોધવામાં આવે કે અનંત જડ પદાર્થોનો સંચય કરવામાં આવે તો પણ સુખશાંતિની પ્રાપ્તિ થવી અશકય છે. ઇષ્ટ બાહ્ય પદાર્થોની પ્રાપ્તિથી આપણને જે સુખનો અનુભવ થાય છે તે ખરેખર સુખ નથી, પણ સુખનો એક ભ્રમણાત્મક આભાસ જ હોય છે અને તેથી જ એ આભાસ ક્ષણવાર પછી સમાપ્ત થઇ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જાય છે અને અનેક પ્રકારની દુઃખની પરંપરાને એ સર્જાવતો જાય છે. આત્મજ્ઞાની પુરુષો કહે છે કે સુખ પાંચ ઇંદ્રિયોના વિષયોમાં નથી પણ આત્મામાં છે. માટે આત્મામાં સુખને શોધો. કારણ કે આત્મા સહજ સ્વભાવથી જ સત્‌ચિત્‌ અને આનંદમય છે. જે માણસો બાહ્ય પદાર્થોથી મનને ફેરવીને આત્મા તરફ વાળે છે. તેમને અપાર શાંતિનો અનુભવ થાય છે તથા આત્મદર્શન અને પરમાત્મદર્શન પણ થાય છે.

વિષયોની વાસનાની આગ જેમ માણસને નિરંતર બાળે છે. તેમ કષાયોની આગ પણ આત્માને ખૂબ બાળે છે ક્રોધ, માન, માયા અને લોભ આ ચાર કષાયો છે. વિષયોની વાસનામાંથી છૂટવું હજુ સહેલું છે પણ કષાયોથી મુક્ત થવું એ ઘણું કઠિન છે. ચારે કષાયોમાં ક્રોધ એ ભયાનક છે. એનાથી શરીર અને મનમાં ભયંકર અશાંતિ વ્યાપી જાય છે. ક્રોધ મનુષ્યને પાગલ બનાવી દે છે. એ સદ્‌બુદ્ધિનો વિનાશ કરે છે. ક્રોધના આવેશમાં વિવેક ભુલીને માણસ ગમે તેમ બોલી નાખે છે અને એવાં અનેક અકાર્યો કરી બેસે છે કે પરિણામે પોતાના અને બીજાના જીવનમાં અનેક પ્રકારની અશાંતિ ઊભી થાય છે એનાથી એવું વિષચક્ર ઊભું થાય છે કે અનેક માણસોના જીવનની પાયમાલી થઈ જાય છે. ક્રોધનું-અપ્રીતિનું બીજ પણ જીવનમાં જો પડી જાય તો પણ એમાંથી આગળ જતાં મોટી વૈરપરંપરા સર્જાય છે. અનેક જન્મો સુધી વૈરની પરંપરા ચાલ્યા કરે છે. માટે સુખના અભિલાષીએ કોઈ પણ રીતે ક્રોધને અંકુશમાં લેવાની જરૂર છે. ક્રોધને જીતવાનો સફળ ઉપાય ક્ષમા જ છે. જ્યાં વૈર છે ત્યાં વિનાશ છે. જ્યાં ક્ષમા છે ત્યાં જ વિકાસ છે. ક્ષમાશીલ મનુષ્ય જ ચિત્તને સ્વસ્થ રાખીને વસ્તુ સ્વરૂપનું યથાર્થ રીતે અવલોકન કરી શકે છે. જે ક્ષમાશીલ છે તેનું મન અને મગજ સદાયે શાંત, સ્વસ્થ અને પ્રસન્ન રહે છે. જે માનવી જીવનમાં ક્ષમાગુણને કેળવે છે તે જીવનમાં આવતી અનેક પ્રતિકૂળતાઓ ઉપર વિજય મેળવીને જીવનમાં આશ્ચર્યકારક સફળતા પ્રાપ્ત કરે છે માટે સુખી થવું હોય તો વિષયોની આસક્તિ ત્યજો અને ક્ષમાશીલ બનો. "સર્વે જીવોના અપરાધોની હું ક્ષમા આપું છું. બધાને હું પ્રાર્થના કરું છું કે મારા જે કોઈ અપરાધો ભૂતકાળમાં થયા હોય તેની મને ક્ષમા આપો. મને બધાં ઉપર મૈત્રીભાવ-સ્નેહભાવ છે. જગતમાં કોઈની સાથે વૈરભાવ નથી." આ ભાવનાપૂર્વક સર્વ સાથે ક્ષમાપના કરવી એ આ પર્વનો સાર છે અને સમગ્ર વિશ્વને મંગળમય અમર સંદેશો છે.

('કચ્છમિત્ર'માંથી સાભાર)


# BHAVNAGAR GENERAL STORES

Dealers in :

Scientific Instruments, Sports Goods, Band and Gymnastic Goods, Drawing and Engineering Requirements, Radio, Montessorie Equipments, Presentation Articles Etc. Etc.

Phone No 3750

Dr. Yagnik Road,
RAJKOT

Mahatma Gandhi Road,
BHAVNAGAR




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ મા લો ચ ના

## જૈન ધર્મ માંસાહાર–પરિહાર

લેખક : શાહ રતિલાલ મફાભાઈ

પ્રાપ્તિસ્થાન : શાહ ભરતકુમાર રતિલાલ

ઠે. રાજેન્દ્ર ગૃહભંડાર, માંડલ (જિ. અમદાવાદ)


કિંમત અઢી રૂપિયા

શાસ્ત્રોમાંના અમુક પાઠોના આધારે તેમજ કોઈ કોઈ આચાર્યોની તેના ઉપર ટીકાઓને આધારે જૈનધર્મમાં માંસાહાર હોવાનો કેટલાક લેખકોએ આક્ષેપ કરેલ છે. શુદ્ધ તાર્કિક રૂપે, દલીલ પુરઃસર આ આક્ષેપનું ખંડન કરવાનો અથવા જવાબ આપવાનો આમાં સ્તુત્ય પ્રયાસ છે. જૈનધર્મનો મૂળ પાયો જ અહિંસા છેઃ જ્યાં શબ્દો દ્વિઅર્થી હોય ત્યાં પૂર્વાપર સંબંધ વિચારી જે અર્થ સયુક્તિક હોય તે જ સ્વીકારવો જોઈએ વગેરે દલીલો ખૂબ વિચારપૂર્વક સમજાવવામાં લેખકે સારો પ્રયાસ કર્યો છે. ખાસ અભ્યાસ કરવા જેવો આ નિબંધ છે.

---

# સભાની વર્ષગાંઠ

આ વર્ષે સભાની ૭૧મી વર્ષગાંઠ નિમિત્તે જેઠ શુદિ બીજના ૧૦–૬–૬૭ શનિવારના રોજ સવારના ૯ ૩૦ કલાકે સભાના લાઈબ્રેરી હોલમાં પ્રભુજીની પ્રતિમા પધરાવી સ્વ. શેઠશ્રી મૂળચંદ નથુભાઈ તરફથી પૂજા ભણાવવામાં આવી હતી. સભ્યોએ સારા પ્રમાણમાં હાજરી આપી હતી. આ પ્રસંગે શ્રી માયા સ્ટોરવાળા શ્રી જયંતિલાલભાઈનાં ધર્મપત્ની અને આ સભાના આજીવન સભ્ય બહેન અ. સૌ. ગજરાબહેને મોટાઓને આઠ આના તથા બાળકોને ચાર આનાની પ્રભાવના કરી હતી.


શ્રેષ્ઠ લેન્સીઝ તથા ફ્રેમ્સમાંથી અને સૂક્ષ્મ કાર્યદક્ષતાથી નિર્મિત થતા **પ્રકાશ**ના ચશ્મા અને ગોગલ્સની પાછળ અનુભવ અને કાર્યસૂઝ કામ કરે છે.

**પ્રકાશ**ના પ્રત્યેક ચશ્મા તેમજ ગોગલ્સ આધુનિક અને હાનીરહિત હોય છે માટે વિશ્વાસપૂર્વક ખરીદો.

એક જ ભાવ | Fixed Rate

હાઈકોર્ટ રોડ, અંબાજીનો ચોક,

**ભા વ ન ગ ર**

**પ્ર કા શ ચશ્માવાળા**




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિશ્વશાંતિ

शिवमस्तु सर्वजगतः परहितनिरता भवन्तु भूतगणाः;
दोषाः प्रयान्तु नाशम्, सर्वत्र सुखिनो भवन्तु लोकाः ।

" સકલ વિશ્વના જીવો કલ્યાણ સાધો અને બીજાઓનું પણ ભલું ઇચ્છો. આપણામાં રહેલા દોષો નષ્ટ થાઓ અને જીવમાત્ર સુખી થાઓ. "

આવી કલ્યાણભાવના એ જૈનધર્મની શાંતિ પ્રાર્થના–અહિંસાનું એક લક્ષણ છે. પણ એવી શાંતિ સર્વત્ર પથરાય એ માટે અહિંસા ઉપરાંત અનેકાંત, અપરિગ્રહ અને તપના સિદ્ધાંતોને જીવનમાં ઉતારવા પડે. એ વિના એની સિદ્ધિ ન થાય.

પ્રાર્થના એ આધ્યાત્મિક પરિબળ છે. પણ જ્યાંસુધી એ બળનો ઉપયોગ પ્રત્યક્ષ કાર્યમાં ન પરિણમે ત્યાંસુધી પ્રાર્થના કેવળ પ્રાર્થના જ બની રહે. આજે આખું વિશ્વ દાવાનળની આગમાં ઘેરાયેલું છે, અધૂરામાં સંપત્તિ, ભૂખ અને સત્તાની સાઠમારી એમાં આહૂતિ આપ્યે જાય છે એથી કયારે ભડકો થશે એ ન કહેવાય.

આથી જો જગતને શાંતિ અને સુખ જોઈતું હોય તો વહેલો કે મોડા અહિંસા, અપરિગ્રહ, ત્યાગ અને અનેકાંત દૃષ્ટિની ઉદારતા જેવા આ મહાવીરના સિદ્ધાંતો અપનાવ્યા વિના એનો છૂટકો જ નથી.

અનેકાંતવાદની સહાયથી વિશ્વના ભિન્ન ભિન્ન પ્રજાસમૂહોના દૃષ્ટિબિંદુઓને સમજી એકબીજા વચ્ચે શકય મેળ સાધવાના પ્રયત્નની પહેલી આવશ્યકતા છે. સાથે આપણે અપરિગ્રહને ધ્યાનમાં રાખી આપણી સત્તાભૂખ અને અર્થ લાલસા પર પણ કાપ અને સંયમ મૂકવો પડશે. એ મૂકવા જેટલા જો આપણે તપસ્વી–વીર બનશું તો જ જગતમાં અહિંસા અને પ્રેમનું વાતાવરણ સર્જી વિશ્વમાં શાંતિ પ્રચારી શકશું. અને એ ભાવના જો ફળે તો આખું જગત જોતજોતામાં સ્વર્ગ બની જાય. આથી જો જગતને જીવવું અને સુખી થવું હશે તો વહેલા કે મોડા આ ચાર મહાવીરી સિદ્ધાંતો જીવનમાં અપનાવે જ છૂટકો છે. ખરૂં કહીએ તો વ્યક્તિગત કે સમષ્ટિગત સુખની ચાવી આ ચાર મહાવીરી સિદ્ધાંતોના પાલનમાં જ રહેલી છે. વિશ્વશાંતિનો આ જ એક માત્ર ઉપાય છે.

'જૈન ધર્મ અને સંઘ' અપ્રગટ પુસ્તકમાંથી — રતિલાલ મફાભાઈ–માંડળ

卐

# આ સભાના નવા આજીવન સભ્ય

બાબુભાઈ દેવચંદ શાહ–ભાવનગર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# नौकानो प्रताप

હિલોળા લેતું સરોવર, ઊછળતી, કૂદતી, નૃત્ય કરતી સરિતા,
ઘુઘવાટા કરતો, છલંગો ભરતો મહાસાગર
—વરુણદેવીના મસ્તીનાં એ બધાં મોટાં ક્રીડાસ્થાનો.
સામાન્ય માનવીનું તો એમાં પેસવાનું ગજું જ નહીં !
તરિયો હોય એ એમાં થોડુંઝાઝું તરી જાણે; એકાદ ડૂબકી મારે.
બાકી બધાં તો તીરે બેઠા એના ખેલ જોયા કરે !
પણ સરોવર, સરિતા કે સાગરનો પ્રવાસ ખેડવાનું કામ નૌકાનું.
માનવીએ નૌકાની શોધ કરી અને જળદેવતાના સામ્રાજ્ય ઉપર જાણે એણે આધિપત્ય મેળવ્યું !
પછી તો માનવી સાગરનો સફરી બનીને મન ચાહે ત્યાં ઘૂમવા લાગ્યો.
નૌકાના બળે એ સાતસાત સાગરનો ખેડનારો બન્યો.
મરજીવો રત્નાકરનાં પેટાળ વીંધીને મહામૂલાં મોતી લાવ્યો એ પણ નૌકાનો જ પ્રતાપ !
જેવો મહાસાગર એવો જ ભવસાગર !
મહાસાગર તો જેમતેમ કરીને ય પાર કરાય, પણ ભવસાગરને તરવાનું કામ ભાર મુશ્કેલ.
અને એને પાર ન કરે એના આત્માનો ઉદ્ધાર અધૂરો રહે !
એનો અવતાર એળે જાય !
આત્માના શોધકોએ ભવસાગરને તરવાનો ઉપાય શોધવા કંઇ કંઇ પ્રયત્નો કર્યા.
એણે જપ કર્યા, તપ કર્યાં, ધ્યાન કર્યાં, કંઇ કંઈ કષ્ટો સહ્યાં.
અને એને પ્રતાપે એને ભવસાગરને તરવાની નૌકા મળી !

**એ અલૌકિક નૌકાનું નામ છે જ્ઞાન !**

એ જ્ઞાનના પ્રતાપે માનવી આ લોકમાં સુખી થયો, એને પરલોકના સુખનો માર્ગ સાંપડ્યાં;
અને ભવોભવને ઉજાળવાનો કીમિયો પણ લાધ્યો.
એ જ્ઞાનના બળે એનાં અજ્ઞાન, અંધશ્રદ્ધા અને અહંકારનાં અંધારાં ઉલેચાઇ ગયાં.
આત્માનાં અજવાળાંનાં અમૂલખ મુક્તાફળ પણ એને
આ જ્ઞાનનૌકાના પ્રતાપે જ મળ્યાં !

સાગરને પાર પહોંચાડવું એ નૌકાનું કામ
દુઃખના સાગરને પાર કરાવવો એ જ્ઞાનનૌકાનું કામ

*

જે જ્ઞાનનૌકાનું ઘડતર કરે એ સંસારના મોટા ઉપકારી.
શ્રી મહાવીર જૈન વિદ્યાલયનું જીવનવ્રત છે જ્ઞાનનૌકાનું ઘડતર કરવાનું.
એનું એ વ્રત અખંડ તપો ! વિદ્યાલયનો વિજય પ્રવર્તો !

( શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ગોવાળીઆ ટેંક રોડ, મુંબઈ ૨૬ )

*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# ધી માસ્ટર સિલ્ક મીલ્સ પ્રા. લિમિટેડ
## ભાવનગર

સૌરાષ્ટ્રની અગ્રેગણ્ય મીલની સુંદર, આકર્ષક અને રંગબેરંગી જાતો :
ટેરીવી સ્કોસ શર્ટીંગ, ટેરીવી સ્કોસ સાડી, નાયલોન,
ટાફેટા, બ્રોકેડઝ, ગોલ્ડ સીલ્વર સાટીન, પ્યાસ, પરમેટા,
એસેટેડ સાટીન ફ્લાવર વગેરે.

માસ્ટર ફેબ્રીકસ

વાપરો

તે વાપરવામાં ટકાઉ છે.

: મેનેજીંગ ડીરેકટર :

**રમણીકલાલ ભોગીલાલ શાહ**

તાર : MASTERMILL ફોન : ૩૨૪૩


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


૭૪ વર્ષથી સુપ્રસિદ્ધ અને જૈન માલિકી ધરાવતી :

૧૧૦૦ આયુર્વેદીય ઔષધો નિર્માણ કરનાર ગુજરાતની એકમાત્ર સંસ્થા

# ઊંઝા ફાર્મસી-ઊંઝા

—: નાં કેટલાંક લોકપ્રિય ઔષધો :—

## સુંદરી સંજીવની

સ્ત્રીઓની અશક્તિ, કમ્મર, પીડ, માથું દુઃખવું, નબળાઈ તથા સુવાવડના રોગો વગેરેમાં ઉપયોગી છે. શક્તિ આપે છે અને તંદુરસ્ત રાખે છે.

બા. ૧ ના રૂા. ૨-૫૦
૪૫૦ મી.લી. રૂા ૭-૫૦

## અમીરી જીવન

લીલાં આમળામાંથી બનાવેલ આ સ્વાદિષ્ટ ચાટણ છે. જેમાં કેલ્શીયમ, વિટામીન વગેરે તત્ત્વો આવે છે. જે શરીરની ક્ષીણતા તેમજ થકાવટને દૂર કરી નવશક્તિ અર્પે છે.

૧૧૦ ગ્રામ રૂા. ૨-૨૫
૪૫૦ ગ્રામ રૂા. ૭-૫૦

-: ઝાડા તથા મરડા માટે :-

## એન્ટીડીસેન્ટ્રોન

અજોડ છે. ગમે તેટલા ઝાડા થતા હોય તુરત જ કાબૂમાં લાવે છે.

૨૪ ગોળીના રૂા. ૧-૨૫
૨૫૦ ગોળીના રૂા. ૧૦-૦૦

બાળકો માટે :-

## શિશું સજીવની

બાળકોને થતાં ઝાડા, દુધનું પાચન ન થવું, લીવરના રોગ અને અશક્તિ દૂર કરે છે. નિયમિત આપવાથી બાળકો રૂષ્ટપુષ્ટ બને છે.

બાટલી ૧ ના રૂા. ૦૦-૬૦
૧૧૦ મી.લી. બાટલીના રૂા. ૧-૫૦

## સીરપ શંખ પુષ્પી

મગજથી કાર્ય કરનાર વિદ્યાર્થીઓ શિક્ષકો વકિલો, કારકૂનો તેમજ ઓફીસરો વગેરે માટે અતિ ઉત્તમ છે.


બાટલી ૧ ના રૂા. ૧-૫૦
૩૦૦ મી.લી. બાટલી રૂા. ૪-૦૦

→ દરેક જગ્યાએ દવા વાળાને ત્યાં મળશે ←


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીવદયા દાખવજો



## ગૌરક્ષા સંસ્થા પાંલીતાણા

### સંસ્થાપના : સં. ૧૯૫૫

સંસ્થામાં અપંગ, અશકત, આંધળા જાનવરોને સુકાળ તેમજ દુષ્કાળ જેવા સમયમાં બચાવી પાલન કરી રક્ષણ કરવામાં આવે છે. હાલમાં ૧૭૦ ગોવંશના જાનવરો છે. પાણીના બન્ને અવેડા ભરવામાં આવે છે.

ચાલુ વર્ષે અર્ધ દુષ્કાળ અને અછતની પરિસ્થિતિના કારણે સંસ્થાને આર્થિક રીતે ઘણું સહન કરવું પડયું છે. રૂા પંદર હજારથી વધુ ખર્ચ આવેલ. પરિણામે સંસ્થાની સ્થિતિ મુશ્કેલ ભરી રહે છે. તો સર્વે મુનિ મહારાજ સાહેબોને, દરેક ગામના શ્રી સંઘને, દયાળુ દાનવીરોને તથા ગૌપ્રેમીઓને મુંગા પ્રાણીઓના નિભાવ માટે મદદ મોકલવા વિનંતિ છે.

જીવદયાનું કાર્ય કરતી આવી સંસ્થાઓને સહાયની ખુબ જરૂર છે. એટલે પ્રાણી માત્રની દયા ચિંતવનારાઓ આવી સંસ્થાની ઉપયોગિતા સમજી મદદ કરે એવી ખાસ વિનંતિ છે.

ગૌરક્ષા સંસ્થા
પાલીતાણા (સોરાષ્ટ્ર)

જીવરામ કરમસી શાહ
રમણીકલાલ ગોપાળજી કપાસી
માનદ્ મંત્રીઓ

## ગૌરક્ષા સંસ્થા પાલીતાણા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કયો ધર્મ આજે વિશ્વધર્મ થવાને લાયક છે?

લેખક : શાહ રતિલાલ મફાભાઈ–માંડલ

પ્રાચીન અને મધ્યયુગમાં રાજાશાહી ચાલતી. રાજા સર્વસત્તાધીશ હતો. એને બંધન નહોતું. કાયદાથી એ પર ગણાતો એના ખાંધીઆઓનું ત્યારે રાજ્યમાં જોર રહેતું. ને તેથી નબળાને તેઓ કચડી નાખતા, એમને દાસ બનાવી એમની સેવાનો લાભ ઊઠાવતા અને સ્ત્રીઓને તો એ કેવળ ભોગનું જ સાધન માનતા. પતિને દેવ માની એની સેવા કરવી એ જ એકમાત્ર ધર્મ એને માથે ઝીંકવામાં આવ્યો હતો. એને કોઈ વિશિષ્ઠ અધિકારો જ નહોતા.

આમ સબળો નબળાને હંમેશા દબાવ્યા કરતો અને ન્યાય પણ પોતાના પક્ષેજ વાળી લેતો. અને છતાં એ સમાજમાં વિશિષ્ઠ અધિકાર ભોગવતો.

પણ આજ યુગ બદલાયો છે, રાજાશાહી ખતમ થઈ રહી છે. એકહથ્થુ સત્તા સામે પડકાર થઈ રહ્યો છે. રંગભેદ કે ઉચ્ચ–નીચના ભેદો સામે લડતો ઉપડી છે. સ્ત્રીઓને પણ સમાન અધિકાર મળવા લાગ્યા છે અને દરેકને સમાન હક્ક અને સાચો ન્યાય મળે એ માટે હલચલો ઉપડવા લાગી છે. તેમ જ એ માટે સંગઠ્ઠનો પણ સધાવા લાગ્યા છે.

આમ આજના યુગની માંગ છે. (૧) માનવ માત્ર વચ્ચે સમાનતા, (૨) સંપૂર્ણ ન્યાય, (૩) સાચી લોકશાહી (૪) અને વિકાસનો સહુને સમાન હક્ક તથા (૫) એકહથ્થુ સત્તાનો વિરોધ,

આજના વિશ્વની આ માંગ આજે કયો ધર્મ સંતોષી શકે તેમ છે? જે ધર્મ આજના યુગની માંગ પૂરી કરવાની ક્ષમતા ધરાવે છે એજ ધર્મ આજે વિશ્વધર્મ બનવાની યોગ્યતા ધરાવી શકે. તો આ માટે વૈદિક ધર્મ શું યોગ્ય નથી?

તમે જ વિચાર કરી એનો 'હા' કે 'ના'માં જવાબ આપી શકશો. જો કે એ જગતનો પ્રાચીન ધર્મ છે. જૂનામાં જૂના શાસ્ત્રો ધરાવવા માટે એ ગર્વિભૂત બની શકે છે. વળી કરાડો માણસો એના પૂજક છે. પણ પૂજકોની સંખ્યા મોટી હોવાને કારણે કોઇને એવો અધિકાર ન મળી શકે. કારણ કે એમાં ઇશ્વરની એકહથ્થુ સત્તા માનેલી છે. એને સ્પેશિયલ અધિકારો છે, શ્રી વિનોબાજી જેવા પણ કહે છે કે 'ઇશ્વર એની મર્યાદા બહાર જઇને પણ કયારેક ભક્તોના પાપ માફ કરે છે, જેમ રાષ્ટ્રપ્રમુખને કોઇને માફી આપવાનો વિશિષ્ઠ અધિકાર છે તેમ. આમ ઇશ્વર પક્ષપાતી ઠરે છે, પક્ષકાર બને છે. એવી ધર્મ હવામાં પોષાવાને કારણે રાજાઓને ઇશ્વરનો અંશ માનવામાં આવ્યા છે. ને તેથી રાજા પણ એકહથ્થુ સત્તાનો અધિકારી ગણાયો છે. આમ એમાં સત્તા કેન્દ્રસ્થાને હોઈ બ્રાહ્મણોને ગમે તેવા પાપી હોવા છતાં અવધ્ય માન્યા છે, અને અલ્પદોષને કારણે શુદ્રો પર અમાનુષી જુલ્મો ગુજાર્યા છે. આથી એમાં ઉચ્ચ–નીચના ભેદોને પોષનારૂં–બ્રાહ્મણના વિશિષ્ઠ અધિકારોનું રક્ષણ કરવામાં આવ્યું છે. તો બીજી બાજુ શુદ્રો તથા સ્ત્રીઓને અન્યાય કરનારૂં તથા તેમના વિશિષ્ઠ અધિકારોને છીનવી લેનારૂં ધર્મકથન કરવામાં આવ્યું છે. આમ એ ધર્મમાં નથી લોકશાહીનું તત્ત્વ કે નથી જોવા મળતી ન્યાયની ઉચ્ચતા. ચોરી વ્યભિચાર, કે દારૂ માટે અન્યોને ઇશ્વરના દરબારમાં સખ્ત સજા થાય છે ત્યારે અવતારો માટે એમ કરવું એ એની લીલા ગણાય છે. વળી નિર્બળને એ દબાવે છે ને સબળાને એ નમી પડે છે. ખુદ પરબ્રહ્મ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પરમાત્મા મનાતા શ્રી રામ અને કૃષ્ણાદિની સામે બળવો કરી એમની સામે યુદ્ધ ચડનારાઓને પણ મોક્ષ દેવો પડ્યો છે. અને એકાંત ઘોર તપશ્ચર્યા કરનારા શંબુક જેવા શુદ્રોને હણી નાંખવામાં આવ્યા છે. આ કારણે વૈષમ્યના પાયા પર રચાયેલું તત્ત્વ-જ્ઞાન વિશ્વની માંગ પૂરી કરી શકે તેમ નથી.

તો પછી અહિંસા, પ્રેમ અને સેવાનું જેનામાં ઉમદા તત્ત્વ છે એ ખ્રિસ્તી પંથ જ વિશ્વધર્મ થવાને લાયક છે એમ સમજવું રહ્યું ને?

ના, એ ધર્મમાં કેટલા ઉમદા ગુણો છે પણ એમાં પણ છેવટે તો ખ્રિસ્તને જ એકહથ્થુ સત્તા આપવામાં આવી છે કે 'જે એનું શરણ સ્વીકારશે તે જ મોક્ષનો અધિકારી બનશે.'. **અને** આ કારણે જ એક ખ્રિસ્તી બાઈએ ગાંધીજીને કહેલું કે 'તમો ચારિત્ર અને તપની સાક્ષાત્ મૂર્તિ છો— અહિંસાના પયગમ્બર છો પણ જ્યાસુધી તમે ઈશુને તરણ તારણહાર નહી માનો ત્યાંસુધી તમારો મોક્ષ જ નથી. તમારે નર્કમાં જવું પડશે," આમ ખ્રિસ્તી ધર્મ માનવીના સ્વતંત્ર અધિકારો ને વિચારણાઓ પર જે આક્રમણ કરે છે એ દષ્ટિએ એ પણ વિશ્વ-ધર્મ ન બની શકે. ઇસ્લામ વિષે પણ તેમ જ છે અને એટલે જ કોંગ્રેસ પ્રમુખ શ્રી મૌલાના મહમદ-અલીએ ગાંધીજીને ઉચ્ચકોટિના મહાત્મા બનવા છતાં અને ગાંધીના નામ આગળ 'જી' લગાડવાનો ઠરાવ કાઢેલો હોવા છતાં એમણે એક વ્યાખ્યાનમાં કહેલું કે "ગાંધીજી મહાત્મા છે–સંત છે પણ કાફર હોવાને કારણે એક ભ્રષ્ટ મુસ્લીમ પણ તેમનાથી ઊંચો છે કારણ કે, એ પયગંબરમાં વિશ્વાસ મૂકે છે." આ કારણે ઇશુની જેમ એમાં પણ સ્પેશિયલ અધિકારો માન્યા હોઈ એ પણ વિશ્વધર્મ ન બની શકે.

ત્યારે તો એવો હક બૌદ્ધધર્મને જ પ્રાપ્ત થઈ શકે. કારણ કે એમાં ઇશ્વરની એકહથ્થુ સત્તા નથી, ઉચ્ચ–નીચના ભેદો નથી. વળી એ દયા–કરૂણાથી ભરેલો છે. તો એ સ્થાનનો એ જ એકમાત્ર અધિકારી ગણાય.

હા, એનામાં એવી યોગ્યતા છે પણ નારીજાતિ પ્રત્યે એ શંકાની નજરે જૂએ છે, નારી જાતિ પ્રત્યે એને વિશ્વાસ નથી. અને તેથી જ બુદ્ધ સ્ત્રીઓને ભિક્ષુણી બનાવવા નહોતા ઈચ્છતા. જો કે આનંદના આગ્રહ પછી એ સંમત થયા હતા. પણ નારીજાતિ પ્રત્યેનો અવિશ્વાસ નહોતો તૂટ્યો. જેથી એ સંસ્થા જ છેવટે તૂટી પડી. અને આજે તો એનો અધિ-કાર રહ્યો નથી.

તો પછી એવો કોઈ ધર્મ દુનિયા પર નથી કે જે આજના વિશ્વની માંગ પૂરી કરી શકે છે? એવો ધર્મ હજુ આજ જીવંત છે. જો કે એને લાગેલી વિકૃતિઓ એણે છોડવી પડશે, અને તો એ આજે પણ વિશ્વધર્મ થવાની યોગ્યતા ધરાવી શકે છે. અને તે છે જૈનધર્મ.

નથી એનામાં એકહથ્થુ સત્તાધારી ઇશ્વરનું સામ્રાજ્ય. નથી એમાં ઉચ્ચ–નીચના ભેદો, કે નથી કોઇનો પક્ષપાત કે નથી કોઇ પ્રત્યે તિરસ્કાર. સ્ત્રીઓને પણ એ પોતાનો આત્મ વિકાસ સાધવા સંપૂર્ણ અધિકાર આપે છે. એટલું જ નહીં તીર્થં-કર બનવાની પણ એણે છૂટ આપી નારી સમાન-તાનો સિદ્ધાંત પ્રરૂપી બતાવ્યો છે, કે જે ઉંચાઇએ જગતનો એકપણ ધર્મ આજસુધી પહોંચી શકયો નથી. લોકશાહી અને ન્યાયનુ એનામાં એવુ ઉચ્ચ ધોરણ છે કે મગધ સમ્રાટ શ્રેણિકના પુત્રને પણ ક્રમ પ્રમાણે જ પોતાનું આસન બિછાવવું પડ્યું હતું. અને ભગવાન મહાવીરે પણ ઇન્દ્રના આગ્રહ છતાં, અલ્પ ક્ષણોનું આયુષ્ય વધારવાનો ઇન્કાર કરી ન્યાયનું ઉચ્ચ ધોરણ જાળવી બતાવ્યું છે. વળી કર્મના અવિચલ નિયમને એ પણ વશવર્તીને જ ચાલે છે. અરે ખુદ શાસન માટે પ્રાણ પાથર-નારાઓને પણ કોઇ વિશિષ્ટ અધિકારો નથી મળ્યા એની શાસ્ત્રે પોતે જ નોંધ લીધી છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ પ્રમાણે અહિંસા–ત્યાગ–ન્યાય–લોકશાહી–સમાન અધિકાર, વિકાસની સંપૂર્ણ સ્વતંત્રતા, વિચારોની ઉદારતા, સ્વતંત્ર વિચારણા અને વૈજ્ઞાનિકતાનો સ્વીકાર જેવાં આજના યુગની માંગને સંતોષે એવાં બધાં જ તત્ત્વો જૈનધર્મનો પ્રાણ હોઈ આજના યુગ માટે એકમાત્ર જૈનધર્મ જ વિશ્વધર્મ બનવાની યોગ્યતા ધરાવે છે. પણ જો એ પોતાનામાં આવેલી નબળાઈઓ કે વિકૃતિઓ જે પ્રવેશેલી હોય એને સમજી દૂર નહીં કરે તો એનો વિશ્વધર્મ બનવાનો અધિકાર ચાલ્યો જશે. અને કોઈ નવો ધર્મ જ એનુ સ્થાન લેવા આગળ આવશે. આ કારણે જો આપણે જાગીએ તો જૈનધર્મને વિકસાવવની આજે તક છે. વાતાવરણ એને પૂરું અનુકૂળ છે. જેથી એવી અનુકૂળતાનો લાભ ઊઠાવવો એ હવે આપણા જ હાથની વાત છે, પણ એ માટે આપણે અસ્મિતા જગવવી પડશે. સંકલ્પ કરવો પડશે અને શૈથિલ્ય છોડવું પડશે. બાકી એકબીજા પર દોષારોપણ કરી નિર્બળતાને પોષ્યા કરશું તો આવેલી આ તક ફરી આવવાની નથી.


# શ્રી જૈન ઉદ્યોગ કેન્દ્ર–પાલીતાણા

જૈન સાધર્મિક સિદાતી બહેનોને ગૃહઉદ્યોગ દ્વારા રાહત આપી સાધર્મિક ભક્તિ કરવા પ્રયાસ કરે છે.

ઉદ્યોગ દ્વારા નિભાવ કરતી સાધર્મિક બહેનોને સ્વમાનપૂર્વક જીવન–નિર્વાહ કરવાના અમારા સેવા–કાર્યમાં સહકાર આપો.

કેન્દ્રમાં જૈન બહેનોએ જયણાપૂર્વક બનાવેલ ખાખરા, પાપડ, વડી, ખેરો, અથાણાં, વિ. ઘર વપરાશની વસ્તુઓ કાળજીપૂર્વક બનાવી વ્યાજબી ભાવે વેચવામાં આવે છે. પર્યુષણ પર્વમાં સાધર્મિક ભક્તિ કરવા, કેન્દ્રની બહેનોને ઉત્તેજન આપવા શક્ય સહાય મોકલી અમોને પ્રોત્સાહિત કરો !

સેવક,

પ્રમુખ–ડૉ. ભાઇલાલ એમ. બાવીશી M.B B.S.
મંત્રીઓ–કાન્તીલાલ એચ. શાહ
,, મણીલાલ ફ઼ા. મોદી
વ્યવસ્થાપક સમિતિ વતી

કેન્દ્ર–મોતીશાની ધર્મશાળા
વેચાણ–મુખ્ય બજાર.
પાલીતાણા.




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શા પ રી આ

બનાવનાર

બારજીસ
લાઈફ બોટ્સ
ટગ્ઝ
ડ્રેજર્સ
પોન્ટુન્સ
મુરીંગ બોયઝ
બોયન્ટ એપરેટસ વિગેરે

બનાવનાર

રોલીંગ શટર્સ
ફાયર પ્રૂફ ડોર્સ
રોડ રોલર્સ
વ્હીલ બેરોઝ
રેફયુઝ હેન્ડ કાર્ટ્સ
પેલ ફેન્સીંગ
સ્ટીલ ટેન્કસ

## શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું. પ્રા. લીમીટેડ

—: શીપ બીલ્ડર્સ અને એન્જીનીઅર્સ :—

ચેરમેન : શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ
મેનેજીંગ ડીરેકટર્સ : શ્રી મોહનલાલ ભાણજીભાઈ શાપરીઆ
શ્રી અમૃતલાલ ભાણજીભાઈ શાપરીઆ

રજીસ્ટર્ડ ઓફીસ અને શીપયાર્ડ
શીવરી ફોર્ટ રોડ,
મુંબઈ નં. ૧૫ (ડી.ડી.)
ફોન નં. ૪૪૦૦૭૧, ૪૪૦૦૭૨, ૪૪૩૩૩૩
ગ્રામ : "શાપરીઆ" શીવરી, મુંબઈ

એન્જીનીઅરીંગ વર્કસ અને ઓફીસ
પરેલ રોડ, ક્રોસ લેન
મુંબઇ નં. ૧૨ (ડી.ડી.)
ફોન નં. ૩૭૦૮૦૮, ૩૭૪૮૯૩
ગ્રામ : "શાપરીઆ" પરેલ, મુંબઇ


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પર્યુષણપર્વ એ આત્મવિશુદ્ધિનું મહાનપર્વ છે.

લે. ભાનુમતીબેન દલાલ

મોંઘી એવી આ જિંદગીનું મૂલ્ય આ મનુષ્ય-ભવમાં જ છે. મનુષ્ય એ બુદ્ધિજીવી પ્રાણી છે. બીજા પ્રાણીઓ કરતાં તેનામાં તર્કશક્તિ વિચાર-શકિત અને ચિંતન-મનનશકિત આ ત્રણેનો ત્રિવેણીસંગમ જેવો સુમેળ છે અને એ દ્વારા પોતાના હિતાહિતનો નિર્ણય કરી શકે છે છેવટે તેને સત્ય લાધે જ છે. તે સમજે છે કે ધર્મ એ માનવજીવનના હિતમાં છે અને અધર્મ તેના અહિતમાં છે. પણ આજે આવો વિચાર કરવાની ફુરસદ માનવી કયાં કાઢે જ છે? આપણે જોઈએ છીએ કે વૈજ્ઞાનિક અને અણુયુગમાં વસતાં માનવી ધર્મવિહોણાં બનતાં જાય છે તે ઓછા દુઃખની વાત નથી. ભૂતકાળમાં દૃષ્ટિપાત કરશું તો દેખાય છે કે કોઈપણ વ્યકિત કે સમાજ ધર્મની સાથે સંકળાએલો જ જોવા મળશે. સમાજ ધર્મથી જુદો નથી તેમ ધર્મ સમાજથી જુદો નથી. એ એક સિક્કાની બે બાજુ જેવી વસ્તુ છે. માટે જેટલી સમાજની અગત્ય અને તેનુ મૂલ્ય છે તેટલી જ નહિ પણ તેથી વધુ ધર્મની અગત્ય અને તેનું મૂલ્ય છે ગમે તેવા રાષ્ટ્ર ઉપર, દેશ ઉપર કે વ્યકિત ઉપર આક્રમણો આવ્યા ત્યારે તેનું રક્ષણ કરવા રાષ્ટ્રે કે પ્રજાએ ધર્મને જ યાદ કર્યો છે. અને પ્રાર્થના-પૂજા તપ-ત્યાગ દ્વારા પ્રજાએ અમલમાં પણ મૂકયો છે એમ આપણો ઈતિહાસ જણાવે છે. કહેવાનો આશય એ છે કે જીવનમાં ધર્મનું અવશ્ય સ્થાન છે જ.

ધર્મ એટલે, માનવતાના મૂલ્યો જ્યાં અંકાતા હોય, પ્રાણીમાત્ર પ્રત્યે અહિંસા અને દયાની ભાવના હોય. પોતાથી સામાન્ય સ્થિતિવાળા ભાઈ-બેનો પ્રત્યે તેઓની રહેમ દૃષ્ટિ હોય, અસત્યની જગ્યાએ સત્ય હોય, ક્રોધની જગ્યાએ ક્ષમા હોય લોભની જગ્યાએ સંતોષ હોય અને માનની જગ્યાએ નમ્રતા હોય. એ બધાં ધર્મ કહેવાય છે. પ્રભુપૂજન કરવું, મંદિરમાં જવું, વ્રત નિયમો કરવા, સામાયિક કે પ્રતિક્રમણ કરવું, ધ્યાન ધરવું કે ભકિત કરવી આ બધાં સાધન ધર્મો છે. સાધક આ બધાં સાધનધર્મ વડે પોતાના સાધ્યને જરૂર સિદ્ધ કરે છે પણ તે કયારે? કે જ્યારે તે સાધનધર્મોની ક્રિયા પરલક્ષી નહિ પણ આત્મલક્ષી બને તોજ. અદ્યપિ બાહ્ય સાધનો યાતો બાહ્યક્રિયા પણ જીવનની પ્રગતિને સાથ આપે છે પણ ફકત સાધન એજ ધર્મ છે અથવા બાહ્યક્રિયા એજ સાધ્યધર્મની ક્રિયા છે એમ માનીને તે પોતાના આત્મલક્ષી ધ્યેયને ભૂલી જાય છે તો પછી સાધક ગમે તેટલી ક્રિયા, વ્રત, નિયમો કરશે પણ તેથી તેની પ્રગતિ નહીં સધાય. લક્ષ્ય વિનાની કોઈ ક્રિયા ધ્યેયને પાર નથી પાડી શકતી. જ્યારે આપણું મન કે આત્મા દરેક ક્રિયાની પાછળ ક્ષણે ક્ષણે જાગૃત હોય તો જ સાધનધર્મ સફળ થાય જેમકે-ક્રોધનો પ્રસંગ આવે ત્યારે તે પોતાના ક્રોધને સમાવી લે અને ક્ષમા ભાવને ધારણ કરે, માનદશા આવે ત્યારે તે માનને ગળી જઈને નમ્ર બને, માયા કપટનાં પ્રસંગમાં સત્ય માર્ગે ચાલે અને લોભના પ્રસંગમાં સંતોષવૃત્તિ રાખે તો બાહ્યક્રિયા આત્મિક લાભનું કારણ બની જાય. દરેક પ્રત્યે પ્રેમભાવ અને મૈત્રિ-ભાવ રાખવો, દયા, શાંતિ કરુણા, નમ્રતા અને વિનયભાવ આ બધાં આત્માના મૂળ ધર્મો છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એમાંનો એકાદ ધર્મ પણ આપણે જીવનમાં આત્મસાત કરીએ તો આ મળેલ મનુષ્યભવની કંઇક સાર્થકતા કરી ગણાય.

ખરું પૂછો તો આપણે આપણાં શરીરની કુટુંબની કે મિત્રોની જેટલી ચિંતા અને કાળજી કરીએ છીએ તેટલી આત્માના ધર્મની કે તેના ગુણો તરફ દૃષ્ટિ સ્થિર કરવા માટે અલ્પ સમય પણ કાઢતા નથી અનંતો કાળ આમને આમ અજ્ઞાનતામાં જ પસાર થતો જાય છે. મનુષ્યજીવન જે પૂર્વના સદ્‌સંસ્કારો કે પુણ્યથી પ્રાપ્ત થયું છે તે એળે જ જતું જાય છે. આપણે આત્મા માટે કંઈક વિચાર કદિ કરીએ છીએ ખરા? આત્મા શું ચીજ છે? શરીર અને આત્મા એક છે કે જુદા-જુદા છે તો કઇ રીતે વળી આત્મા ક્યાંથી આવ્યો? કઇ તરફ જવાનો છે? મને લાગે છે કે જો કોઇને આ અંગે પૂછીએ તો પ્રાયઃ એક જ જવાબ મળશે કે સમય ક્યાં મળે છે? અરે ભાઇ! દુનિયાનાં બીજાં બધાં કામો માટે સમય મળે છે તે બધાં કામો થાય છે ને જે કામો આપણું કેટલું હિત સાધતા હશે તે પ્રભુ જાણે જ્યારે પોતાનું જ શ્રેય કરનારા આત્મા માટે કે તેનું ભલું કરવા માટે સમય નથી. આ છે આજના જમાનાની શોચનીય મનોદશા! ત્યારે કરવું શું? રોજ સમય ન કાઢી શકે તેવા જીવો પણ સમય કાઢવાને પ્રેરાય અને સાવ જ ધર્મવિહિન જીવન ન બની જાય તે માટે આપણા મહાપુરુષો મહાનપર્વોની યોજના કરી ગયા છે.

આખા વર્ષ દરમ્યાન નાનામોટા અનેક પર્વો આવે છે. પણ દરેક પર્વના રાજા સમાન પર્યુષણ પર્વ છે. તેથી તે પર્વાધિરાજ પણ કહેવાય છે. આ પર્યુષણ પર્વ ત્રણે ફીરકાને માન્ય છે. જૈન કુટુંબમાં જન્મેલી નાની કે મોટી કોઇપણ વ્યકિતને આ મહાન પર્વના આઠ દિવસમાં ધર્મકરણી કરવાની ભાવના સ્વાભાવિક જાગૃત થાય છે. એજ આ પર્વનો મહિમા છે.

આ દિવસોમાં પવિત્ર અને નિર્મળ ભાવનાથી પોતાનાં કર્મોને હળવાં બનાવવા કોઇ પોતાના આત્માને તપશ્ચર્યામાં જોડી બહારની લોલુપતાને ઘટાડે છે, કોઈ આત્મગુણોની રમણતામાં પસાર કરી ભાવધર્મને પુષ્ટિ આપે છે, કોઇ વળી ધ્યાનમાં બેસી મનોનિગ્રહ કરે છે, તો કોઇ ભાગ્યશાળી ધન આપી પોતાની લક્ષ્મી ઉપરની મુર્ચ્છા ઓછી કરે છે તો કોઇ પ્રતિક્રમણ દ્વારા પાપના પ્રાયશ્ચિત કરે છે. આમ જુદા જુદા ધર્મના પ્રકારથી માનવી પોતાના આત્મામાં ક્રોધ, માન, માયા અને લોભ જેવા કારમા કષાયોને ઇન્દ્રિયોના વિષય સુખોને, હિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને પરિગ્રહાદિક જેવા અવ્રતોના આત્માપર ચઢેલા કાટને ઉખેડવા પ્રયત્ન કરે છે અને એ દ્વારા અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય વિગેરે ધર્મોને અમલમાં મૂકે છે. આ પર્વની આરાધના આંતર શત્રુઓનો નાશ કરવામાં ખરેખર મદદરૂપ બને છે. માટે જ "પર્યુષણ પર્વને એક આત્મવિશુદ્ધિનું મહાનપર્વ કહ્યું છે."

આપણે ત્યા પર્યુષણ નજીક આવી રહ્યાં છે. દર સાલ આવે છે ને જાય છે. પણ આપણે બાર મહિના દરમ્યાન નૈતિક બાબતમાં, પ્રામાણિક જીવનમાં આત્મિક વિશુદ્ધિમાં, વૈરવિરોધના શમનમાં આગળ વધ્યા કે ઘટયા તેનો હિસાબ સહુ કોઇ કરજો અને નફાતોટાનો છેતરામણો નહિ પણ સાચો હિસાબ કાઢજો અન્તમાં આત્મવિશુદ્ધિના આ મહાપર્વના મહાન ઉદ્દેશને આપણે અમલમાં મૂકવા કટિબદ્ધ બનીએ.

卐



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પાજો પ્રેરણા, પર્વાધિરાજ !

લે. ડૉ. ભાઈલાલ એમ. બાવીશી M.B.B.S. પાલીતાણા

પર્વોનું પર્વ—પર્વાધિરાજ પર્યુષણ પર્વ પધારે ત્યારે...તૃષાતુર અને તપ્ત, વનવગડે રખડતો વટે માર્ગુ, દૂર દૂર કોઇ ઘટાટોપ તરૂવર અને નિર્મળ નીર છલકતું જળાશય જુએ ને કેમ આનંદમાં આવી જાય અને એના તરફ ધસતો આહ્લાદ અનુભવે પછી જળપાન કરી, શીતળ છાંયડીમાં વિશ્રામ કરતો સંતોષ ને સમતા પામે...એવો આનંદ...અવનવો ઉલ્લાસ...અનેરો આહ્લાદ ઉભરાય છે. બાર બાર માસના જીવન જંજાળની વાટ વટાવી, તડકી-છાંયડી અનુભવતા અને આંટી-ઘુંટીમાં આથડતા આત્મામાં જ્યારે જીવનને ઝાકઝમાળ કરતા, અને આત્માને અજવાળતા—મુક્તિનો મહામાર્ગ દાખવતા પર્વાધિરાજ પર્યુષણા પર્વ પધારે છે ત્યારે! અને એને આવકારતાં-સત્કારતાં એ સદ્ભાગી આત્મા સહેજે ઉચ્ચારે છે એના અંતરની ઊંડી ઊંડી આશા—અભ્યર્થના કે-"પધારો પર્વાધિરાજ! પાજો પ્રેરણા!"

શ્રાવણનાં સરવડાં વરસી જાય છે...ચાતુર્માસનું ચારૂતમ વાતાવરણ જામતું જાય છે. વ્યવહાર-વ્યવસાયનું ધમાલીયું જીવન કાંઇક શમતું જાય છે, દેવ-ગુરુ-ધર્મનું મંગળમય મોજું પ્રસરી રહ્યું છે-અને પર્વાધિરાજ પર્યુષણનું પનોતું આગમન થાય છે—જૈન સમાજના ન્હાના—મ્હોટા, ગરીબ—તવંગર, શ્રાવક-શ્રમણ સૌ કોઇના દિલમાં આત્મોલ્લાસ પ્રગટે છે, જીવનને સાર્થક કરવા અને આત્માને અજવાળવાનો જાણે અણમોલ અવસર આવી રહ્યો! સંસાર—સમુદ્રમાંથી તરી જવાની નૌકા મળી ગઇ! અંધકારમય જીવન-વાટે ઝળહળતો ઝાંખો દીવડો પ્રગટયો! આમ પ્રતીક્ષા કરતા ભાવુકો પર્વાધિરાજને આવકારવા અને પ્રેરણા પામવા એવા તો અધીરા બને છે, જાણે ચાતક વર્ષાની રાહમાં ઝુરી રહ્યું! પવિત્ર એ પર્વના આગમને, પેલા અધીરા આત્મા-ન્હાના-મ્હોટા સૌ પર્વાધિરાજને પવિત્ર ચરણે, નતમસ્તકે પ્રાર્થે છે-પર્વોના પર્વ સમા, પર્વાધિરાજ, અમને પ્રેરણા પાજો કે-

વ્રત-નિયમ-પચ્ચક્ખાણ કરતાં મનની મક્કમતા -દિલની દઢતા કેળવીએ, અને દંભને દેખાવથી દૂર રહીએ! અંતરના ઓજસ પામીએ!

ઉપવાસ, છઠ્ઠ-અઠ્ઠમ, અઠ્ઠાઈ આદિ-તપશ્ચર્યા આચરતાં, તનને તાવીએ અને મનને મારીએ. પણ તપના અભિમાનમાં ન રાચીએ-અહંકાર ન સેવીએ!

સામાયિક, પ્રતિક્રમણ, પોષહ આદિ અનુષ્ઠાનો અને ક્રિયાકાંડ દ્વારા બાહ્ય સાધનોથી અંતરને ઓળખીએ-આત્માને પિછાણીએ પણ ક્રિયાકાંડીનો ઘમંડ ન દાખવીએ!

દહેરે-ઉપાશ્રયે-દર્શન - પૂજન - વંદન કરતાં પ્રભુના ગુણો ગ્રહીએ અને ગુરુની શિક્ષા-ઉપદેશ હ્રદયમાં ઉતારીએ અને પરમાત્મ-પદની ઝાંખી કરીએ. પરન્તુ ભક્તિનો ભ્રામક દેખાવ કરી દુનિયાને ન છેતરીએ!

પ્રભુ મહાવીરના જન્મ-જીવન ને કવન જાણી-સૂણી એની ઉપદેશ-ધારા ઝીલી એના પવિત્ર પગલે પળીએ અને પવિત્ર બનીએ, પણ મ્હોટાઇ અને માન-મરતબામાં ન અટવાઇએ!

સંવત્સરીના પવિત્ર દિને ક્ષમા અને મૈત્રિની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાવના સભર પરસ્પર શુદ્ધ ભાવો વહાવી નિર્મળ બનીએ ઐક્ય સાધીએ-શત્રુ મિત્ર સરખા થઇએ-સરખા બનીએ પણ હાથજોડી દંભ આચરી પીઠ પાછળ ઘા ન કરીએ !

પ્રભાવનાદિ ધર્મકાર્યોમાં શક્ય સંપત્તિ ખર્ચી ધનનો મોહ ત્યાગીએ—અનાસક્ત ભાવ ભાવીએ-પણ પૈસાનો મદ ન કરીએ.

દાન, શીલ, તપ, ભાવની ઉચ્ચ ભાવનાઓ જીવનમાં આચરી એક આદર્શ શ્રાવક બનવા પ્રયાસ કરીએ, સદાચારનો અંચળો ઓઢી છળકપટ કરવાનું છોડીએ !

ક્ષમા, સમતા અને સહનશીલતાના પ્રતીક સમા પર્યુષણ પર્વમાં ક્લેષ-દ્વેષ, દોષો—કષાયોનું દમન કરી, આત્માને સમભાવ-સમતામાં સ્થિર કરીએ પણ નમ્રતાનો ઘમંડ ન રાખીએ !

નાસ્તિકતાનો આક્ષેપ વ્હોરીને પણ દંભ દેખાવ ખાતર જ ક્રિયા-કાંડ ન કરતાં શાંત સાધના અને સમતાભરી સમાધિધારી સાચી આસ્તિકતામાં રાચીએ, આંતરખોજ કરી આત્માને ઓળખીએ. ભલે 'ભકત'નો ખિતાબ ન પામીએ !

એવી અમ ભાવનાના સંદર્ભમાં, અમારા જીવનને આડંબરો અને ઓપથી બચાવી, અંતરાત્મને અંતરની શુદ્ધિ અર્પી, આત્માના નિર્મળ સ્વરૂપ સમી સિદ્ધની ભૂમિકા પ્રતિ પ્રયાણ કરવા પ્રેરણા પાજો, પર્વાધિરાજ ! ! !

× × ×

卐


॥ લોખંડ ॥

ના

ગોળ અને ચોરસ સળીયા,

પટ્ટી, પાટા,

વિ મ
ગે ળ
રે શે.

ધી ભારત આર્યન
એન્ડ સ્ટીલ ઇન્ડસ્ટ્રીઝ

॥
રૂવાપરી રોડ
ભાવનગર
॥




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અવસર બેર બેર નહિ આવે

લેખક : ઝવેરભાઈ બી. શેઠ આસી. પોસ્ટ માસ્તર જી પી.ઓ. અમદાવાદ

'અવસર બેર બેર નહીં આવે' આ પંક્તિ આપણે સૌ પૂજા ભણાવતી વખતે સુંદર લહેકાથી, જોરશોરથી અને અનન્ય ભક્તિભાવથી ગાઇએ છીએ. ગાતી વખતે આપણે જાણે તેમાં એકાકાર પણ થઇ જઇએ છીએ. એ છતાં તેના સાચા અર્થને આપણે સમજતા નથી. કદાચ સમજીએ છીએ તો તેના સંદર્ભમાં છૂપાએલા કવિના આદેશને આપણે અનુસરતા નથી.

'અવસર બેર બેર નહીં આવે' તેનો શબ્દાર્થ તો એવો થાય છે કે ફરી ફરીને આવો અવસર નહીં આવે. જગતના અવતારી પુરષો, સંતમહંતો, ઋષિમુનિઓ અને આપણા સૌ તીર્થંકર ભગવંતો એક અવાજે પુકારી પુકારીને કહી ગયા છે કે આપણને મહામૂલો અતિદુર્લભ એવો મનુષ્ય ભવ મળ્યો છે તે વારંવાર મળતો નથી.

જગતમાં શ્રેષ્ઠ અને અતિમૂલ્યવાન ગણાતો હીરો કોહીનૂર આપણને કોઇ ભેટ આપી દે અગર તો આપણા તકદીર જોર કરે અને આપણને એ સાંપડે તો આપણે તેનું જતન કઈ રીતે કરીએ? આપણે જાણીએ છીએ કે આવી તક તો જીવનમાં એકાદવાર સાંપડે છે. એટલે આપણે તે હીરાનું જતન જીવથી પણ વધારે કરીએ.

એટલે આ મનુષ્યભવની કિંમત તો એ કોહીનૂર હીરા કરતાં પણ અનેકગણી છે. માટે તેને સાર્થક કરવામાં આપણે આપણી સર્વ શક્તિ ખરચવી જોઇએ.

સામાન્યતઃ આપણુ બચપણુ ખેલવાકૂદવામાં, કિશોરાવસ્થા અભ્યાસ અને મસ્તીમાં, યુવાવસ્થા સંસારસુખ માણવામાં, પ્રૌઢાવસ્થા બાળકોની અને કુટુંબની અનેકવિધ જવાબદારીઓ સંભાળવામાં પસાર થઇ જાય છે. વૃદ્ધાવસ્થા આવે છે ત્યારે આપણાં સર્વગાત્રો શિથિલ થઇ જાય છે, શકિત ક્ષીણ થઇ જાય છે, આત્મબળ ઓછું થાય છે. પરિણામે કદાચ પ્રભુની ભક્તિ કરવાની ઇચ્છા હોય, આત્માનુ શ્રેય કરી લેવાની તમન્ના જાગી હોય એ છતાં શારીરિક અને બીજી અનેકવિધ પ્રતિકૂળતાને કારણે આપણે આપણુ ધાર્યું કામ કરી શકતા નથી. ધારેલી સિદ્ધિ આપણે મેળવી શકતા નથી. તેથી આપણને રંજ થાય છે.

આપણને એ વખતે પસ્તાવો થાય છે કે આપણને મળેલો મહામૂલો મનુષ્યભવ આપણે વેડફી નાખ્યો. સ્વ-પર આત્મશ્રેય કર્યા વિના જે કોઇ વ્યકિતનું જીવન વ્યતીત થાય છે તે જીંદગી જીવ્યા તો પણ શું અને ન જીવ્યા તો પણ શું? માનવી માત્રને મરવાનું તો છે જ. પરંતુ મૃત્યુ મરી જાય અને આપણે અમર થઈ જઇએ એ રીતે જીવવું જોઇએ.

આજની અસહ્ય મોંઘવારી અનેકવિધ પ્રતિકૂળતા વચ્ચે માણસો અનેક પ્રકારનું માનસિક તાણ ભોગવે છે. વિજ્ઞાનના આ યુગમાં સામાન્યતઃ લોકો અનેકવિધ ભૌતિક સિદ્ધિઓ તરફ આકર્ષાય છે. ફેશનમાં કોઈ પણ જગ્યાએ રેશન નથી. અરે! જેને પુરૂં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રેશન પણ મળતું નથી એવા સ્ત્રી પુરુષો પણ જીવનમાં ફેશનને અગ્રસ્થાન આપે છે. સિનેમા–ચલચિત્રો જ જાણે એક માત્ર આનંદ–પ્રમોદનું–દિલ બહેલાવવાનું સાધન હોય એવું પણ લોકોનો મોટો ભાગ માનતો થતો જાય છે.

પરિણામે પડદા ઉપર ટીકી ટીકીને જોએલાં ચેનચાળા, નખરાં, ખોટી અને ખર્ચાળ ફેશન અને આવી અનેકવિધ બદીઓને લોકો જીવનમાં ઉતારે છે. નટનટીઓ આ યુગના દેવ–દેવીઓ બનવા લાગ્યા છે!

આની વિપરીતમાં વિપરીત અસર આપણી અમૂલ્ય યુવાન પેઢી ઉપર પડે છે. તેઓ આ નટ–નટીઓને અનુસરવામાં ગર્વ અનુભવે છે. પરંતુ તેને પરિણામે તેમનું નૈતિકબળ દિનપ્રતિદિન નિર્બળ બનતું જાય છે. ચારિત્ર એ જીવનનો મુખ્ય પાયો છે તે જાણે આપણે ભૂલી ગયા છીએ.

આ રીતે આપણી ગાડી ખોટે પાટે ચડી ગઈ છે. ખોટે પાટે ચડેલી ગાડીને એકસીડેન્ટ જ થાય તે આપણે જાણીએ છીએ આવા એકસીડેન્ટને અટકાવવા આપણે સૌએ એ ગાડીને સાચા પાટા ઉપર ચડાવવી પડશે.

એટલા માટે આપણે સૌએ ફેર વિચારણા કરવી પડશે-આત્મખોજ કરવી પડશે.

એક વાત સૌને મંજૂર છે કે આ યુગના ગમે તેટલાં આનંદ–પ્રમોદનાં, અમનચમનનાં સાધનો પ્રાપ્ય હોવા છતાં આપણને ખરો આનંદ, સાચો નિજાનંદ પ્રાપ્ત થતો નથી.

માનવ માત્રના જીવનનો એક માત્ર મંત્ર અને સાચું ધ્યેય તો અક્ષત સુખ—નિજાનંદ–મેળવવાનું છે. ખરેખર તો આપણે જેટલા પ્રયત્નો કરીએ છીએ તેટલા તેને માટે જ છે. આટઆટલા પ્રયત્નો છતાં પણ આપણને તે સુખ–તે આનંદ–મેળવવામાં નિષ્ફળતા મળી છે તે હકીકત છે.

હિંદમાં મોંઘવારી અસહ્ય છે. તેને પરિણામે ઉપસ્થિત થતાં અનેકવિધ વિકટ પ્રશ્નો આપણને મૂંઝવે છે. બિહારમાં દુષ્કાળને પરિણામે અનેક માણસો મરણ પામ્યા. તો વિયેટનામમાં ખૂનખાર યુદ્ધ ખેલાય છે, ત્યાં ખુલ્લંખુલ્લા માનવતાનું ખૂન થઈ રહ્યું છે. કરોડો રૂપિયાનો ધૂમાડો તેમાં થાય છે. હજારો માણસો વગર મોતે. યુદ્ધમાં મૃત્યુને શરણ થાય છે. લાખો એકર જમીન તદ્દન નકામી થઈ જાય છે. પાશવતાએ ત્યાં માઝા મૂકી છે.

તો જગતના સૌથી ધનિક ગણાતાં દેશ અમેરિકામાં રંગભેદના તોફાનો–રમખાણો ચાલે છે. મધ્ય એશિયામાં પણ ખૂનખાર યુદ્ધ ખેલાઈ ગયું. ચાર દિવસના આ સંગ્રામમાં પણ હજારો માણસો મરાયા. ચીનમાં આંતરવિગ્રહ જેવી પરિસ્થિતિ છે. ત્યાં પણ આ જંગમાં અનેક માણસોની હંમેશ ખુવારી થાય છે. આટઆટલી અશાંતિ અને સંહાર ઓછા હોય તેમ આપણા સૌની ઉપર એક તલવાર તો લટકે જ છે. તે છે જગતના સર્વશ્રેષ્ઠ સંહારક સાધનો એટમ અને હાઇડ્રોજન બોંબો.

આમાં માનવીની સલામતી કયાં રહી? જે દેશો પાસે આ બોંબનું સાધન છે તેમાંના એકાદ દેશને તેનો ઉપયોગ કરવાનું ગાંડપણ સૂઝે અગર તો તેને જે સ્થળે રાખવામાં આવ્યા છે ત્યાં કોઈ પણ કારણે એકસીડેન્ટ થયો અને એક સાથે તે ફૂટે તો જગતની શી પરિસ્થિતિ થાય તેની જાણ છે? 'સર્વનાશ' માનવ–પશુ–પક્ષી–જીવ જંતુ સહુનો એકસાથે સમગ્રપણે સર્વનાશ થઈ જાય. એટલે આપણે સૌ તો ઉકળતા ચરૂમાં રહીને જીવીએ છીએ એ ઉકળતા ચરૂમાંથી આપણે સાચા સુખની અને નિજાનંદની ખોજ કરીએ છીએ તે કદી સાંપડશે ખરી?

જો આપણને તેમાંથી સાચું સુખ ન સાંપડતું હોય તો આપણે એવો માર્ગ અપનાવવો જોઈએ કે જે માર્ગે આપણને એ સુખ સાંપડે—અને મહામૂલો મનુષ્યભવ નિરર્થક ન નીવડે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એ છે ભગવાન મહાવીરે ચીંધેલો અનુપમ રાહ. પર્યુષણ પર્વને ઉચ્ચતમ પર્વ કહ્યું છે. તેનુ કારણ એ છે કે હંમેશા સંસારની ઉપાધિઓમાં અટવાયેલા રહેતા સ્ત્રી પુરુષો આ અતિ–પુણ્યવાન દિવસો દરમ્યાન તો આત્માનું શ્રેય કરવા ઉદ્યમશીલ બને જ.

સાચો ધર્મ તો આઠે પ્રહર આચરવાનો છે તેને માટે કોઇ સમયની મર્યાદા કે બંધન અસ્થાને છે. આપણે હર પળે ખાતાપીતાં, ઉઠતાં–બેસતાં, શ્વાસોશ્વાસ લેતાં એ ધર્મને આચરવો જોઇએ

ભગવાન મહાવીરની છ આજ્ઞાઓ છે

૧. તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરો અને વિચારોને નિર્મળ બનાવવા માટે પ્રયત્ન કરો.

આપણા શરીરમાં છૂપાએલો જે આત્મા છે તે સાચું અને સર્વશ્રેષ્ઠ તત્ત્વ છે જેમણે આત્માને ઓળખ્યો તેવા અનેક મહાનુભાવો જગતને સત્પંથે દોરવા પ્રયત્ન કરી ગયા છે. જગતને તેમણે બતાવી આપ્યું છે કે આત્મબળ વિશ્વમાં ચમત્કારો સર્જી શકે છે. સર્વ શક્તિમાન ભગવાન મહાવીરનું સમગ્ર જીવન એવા અનેકવિધ ચમત્કારોથી સભર છે. પરંતુ આ યુગનો જ દાખલો લઇએ. એક જ વ્યક્તિએ સુષુપ્ત હિંદને જાગ્રત કર્યું, અંગ્રેજ સરકાર સામે અહિંસક રીતે લડતા શીખવ્યું અને અંતે હિંદની પ્રજાને તેણે મુકમ્મીલ આઝાદી અપાવી. તેની પાછળ કામ કરી ગયું છે મહાત્મા ગાંધીજીનું અજોડ આત્મબળ. જો આત્મબળથી આવી સિદ્ધિ હાંસલ થતી હોય તો બીજી તો અનેકવિધ સિદ્ધિઓ હાંસલ થઇ જ શકે.

૨. જીવનક્રમમાં ત્યાગ કરવા લાયક, અંગીકાર કરવા લાયક અને જાણવા લાયક શું છે, તેનો નિર્ણય કરો.

સારાસારનો વિચાર કરવા માટે આપણને સૌને બુદ્ધિ મળી છે. એના દ્વારા વિચાર કરીને હંમેશા સારી વસ્તુનો સ્વીકાર કરવો જોઇએ.

જે વિચારને અંતે અગર કાર્યને અંતે આપણા આત્મામાં દુઃખ ઉત્પન્ન થાય ત્યારે સમજવું કે તે વિચાર અગર કાર્ય ખોટું છે–ખરાબ છે-વિપરીત છે.

પરંતુ જે વિચાર અગર કાર્ય કર્યા પછી આત્મામાં સંતોષ સુખ પ્રસન્નતા અને શાંતિ ઉત્પન્ન થાય ત્યારે સમજવું કે તે કાર્ય સારૂં–સાચું સુંદર છે.

કોઇ એવી દલીલ કરે કે ચોરને ચોરી કર્યા પછી ખરો આનંદ આવે છે. તે વાત ખોટી છે. એવા માણસોની પોતાની પાસેથી જાણેલી વિગત એમ કહી જાય છે કે તેમને ચોરી કરતી વખતે, ચોરી કર્યા પછી અને ચોરીનો માલ થાળે પડ્યા પછી સતત ભીતિ રહ્યા કરે છે. તેમના આત્માને પણ રંજ થાય છે. સતત ભીતિમાં રહેનાર માણસને સુખ કે આનંદ મળે ખરા ? એવું જ દરેક પ્રકારનું ખોટું કાર્ય કરનારનું હોય છે.

૩. પોતાની શક્તિનો વિચાર કરો અને શક્તિ મુજબ ઉન્નતિક્રમમાં આગળ વધો.

સોડ પ્રમાણે સાથરો કરવો. આપણી હોજરી બે જ રોટલી હજમ કરી શકતી હોય. તેને બદલે આપણે ચાર રોટલી જો તેમાં નાખીએ તો ? પરિણામ ખતરનાક આવે. તેવી રીતે દરેક માણસે પોતાની શક્તિનું માપ કાઢી લેવું અને તદનુસાર સત્પંથે વિચરવામાં ઉદ્યમશીલ થવું.

૪. આત્મવિશ્વાસ રાખો. કોઇની ઉપર આધાર ન રાખો તમારો ઉદ્ધાર કરવો એ કેવળ તમારા પોતાના વિચાર, પુરુષાર્થ અને ઉદ્યોગ પર આધાર રાખે છે.

'આપ સમાન બળ નહીં, મેઘ સમાન જળ નહીં' એમ સમજીને આપણી પોતાની તાકાત ઉપર ઝઝુમવું. 'જ્ઞાનક્રિયાભ્યામ્ મોક્ષઃ' એ સૂત્રાનુસાર દરેક મનુષ્યે આત્માની ઉન્નતિ અર્થે સતત જાગૃત રહી, કાર્યશીલ રહેવું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૫. મન અથવા આ લોકપરલોકના સુખની ઇચ્છા રાખ્યા સિવાય જેટલું સત્કાર્ય થાય તેટલું કરો. અમે શું કરીએ? એવા નિર્માલ્ય વિચારો કાઢી નાખો. પ્રમાદમાં જીવન ન ગુજારો.

સ્પૃહા, ઇચ્છા, લોભ, તૃષ્ણા માત્રનો સંહાર કરીને સત્કાર્ય કરવામાં મશગુલ બની જવું તે આપણી ફરજ છે.

૬. જો તમે ગૃહસ્થ ધર્મ અથવા સાધુધર્મના માર્ગમાં દ્રવ્ય અને ભાવથી શક્તિ મુજબ પ્રયાણ કરશો તો જરૂર મોક્ષે પહોંચ્યા વિના નહીં રહો.

જ્યાં સચ્ચિદાનંદ છે, શાશ્વત સુખ છે, આત્માની રમણતા છે, તેવા મોક્ષસ્થાને પહોંચવા માટે આપણે જે કક્ષામાં હોઇએ તે કક્ષામાં રહીને સાચો ધર્મ પાળીએ અને ક્રમશઃ પ્રગતિ સાધીએ તો માનવ જીવનના આ અંતિમ લક્ષને જરૂર પ્રાપ્ત કરીએ.

માનવજીવનમાં 'ભાવ' મુખ્ય છે જેમ 'જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ' તેમ 'જેવો ભાવ તેવો પ્રભાવ' 'આકૃતિ ર્ગુણાન્ કથયતિ' માણસની મુખાકૃતિ ઉપરથી તેના હાવભાવ-રહેણીકરણી-ચાલચલગતનો સહેજે ખ્યાલ આવી જાય. કોઈ રડતી સુરત કૃત્રિમ રીતે હસવાનો પ્રયત્ન કરીને તમને બતાવે કે તે ખુશ મિજાજમાં છે તો તે તમે માનશો? એ જ રીતે ખુશખુશાલ રહેનાર આદમીને પણ તમે તુરત પારખી જશો. જેનું જીવન પવિત્ર, સરળ અને સત્પંથે વિચરતું હશે તેના મુખ ઉપરના ગંભીર, સૌમ્ય અને પ્રસન્ન ભાવો તમને જરૂર સુંદર અસર કરી જશે.

એટલે માનવી માત્રે મનના ભાવ પવિત્ર રાખવા. એ ભાવ અગર વિચાર અનુસાર વાણી અને વર્તન હોવા ઘટે. એવો વિચાર, વાણી, અને વર્તનનો ત્રિવેણી સંગમ જ્યાં થાય ત્યાં સદાય આનંદ મંગળ વર્તે છે.

એટલે પર્યુષણપર્વ નિમિત્તે, ભગવાન મહાવીરના આ છ આદેશોને આપણે સૌ જીવનમાં ઉતારીને આપણો અને અન્યના જીવનનો ઉદ્ધાર કરવા મથતા રહીએ તો જ આપણે સાચા જૈન અને ભગવાન મહાવીરના સુપુત્રો કહેવાઇએ કારણ કે આ મહામૂલો મનુષ્યભવ 'ફેર ફેર નહીં આવે-અવસર ફેર ફેર નહીં આવે.'


# શ્રી જૈન પ્રગતિ મંડળ-પાલીતાણા

**જૈન યુવકોમાં અતિશીઘ્ર વિચારધારા રેડી સાધર્મિક સેવા અને શાસન પ્રભાવના નાના રચનાત્મક કાર્યોમાં રસ લે છે.**

**પ્રગતિના સોપાન સમા સેવા કાર્યોમાં ખાસ પ્રગતિશીલ પ્રવચનો, આધ્યાત્મિક વ્યાખ્યાનો, ધાર્મિક ઉત્સવો, સામાજિક પ્રવૃત્તિઓ, યાત્રિકોને માર્ગદર્શન, વિ. વ્યવસ્થિત યોજે છે.**

**'મંડળ'ને સેવા કાર્યમાં પ્રોત્સાહિત કરવા અને સાધર્મિક ભક્તિની તક આપવા જૈન સમાજને અનુરોધ કરે છે.**

**પર્યુષણ પર્વ પ્રેરણા રૂપ બનો!**

સેવક,

ઓફીસ,
મુખ્ય બજાર,
**પાલીતાણા.**

પ્રમુખ-ડૉ. ભાઇલાલ એમ. બાવીશી M.B.B.S.
મંત્રીઓ-શ્રી માણેકલાલ કે. બગડીયા B.Sc.B.T.
શ્રી શામજીભાઈ બી. શેઠ




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ક્ષ મા પ ના

લેખક : શાહ ચતુર્ભુજ જેચંદભાઈ

જૈનોના પર્યુષણ પર્વના દિવસોનાં ધાર્મિક અનુષ્ઠાનોમાં તપશ્ચર્યા અને ક્ષમાપના મહત્ત્વનું સ્થાન ધરાવે છે. વર્ષ દરમ્યાન ઘણા સ્ત્રી પુરૂષો નાની મોટી તપશ્ચર્યા કરે છે પણ પર્યુષણ પર્વમાં તપશ્ચર્યા વિશેષપણે કરવામાં આવે છે. તપશ્ચર્યા કર્મની નિર્જરા અને આત્મશુદ્ધિ માટે કરવાની છે. તપશ્ચર્યાનું મહત્ત્વનું અંગ પ્રાયશ્ચિત છે. તે પ્રાયશ્ચિતમાં ક્ષમાપના મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ક્ષમાપનાનો પ્રસંગ નિત્ય પ્રતિક્રમણમાં તથા પાક્ષિક અને ચાતુર્માસિક પ્રતિક્રમણમાં આવે છે પણ પર્યુષણમાં સંવત્સરિક પ્રતિક્રમણમાં તેને ઘણું વિશેષ મહત્ત્વ અપાયેલ છે. તે પ્રતિક્રમણમાં ક્ષમાપનાનું ઉચ્ચારણ ઘણા ભાવપૂર્વક કરવામાં આવે છે. અને વર્ષ દરમ્યાન સર્વ જીવો પ્રત્યે થયેલા અપરાધ પાપકર્મના ક્ષમા માગવામાં તથા આપવામાં આવે છે. તેને ટૂંકમાં ક્ષમાપના કહેવામાં આવે છે.

જૈન ધર્મના દરેક આચારવિચાર વિધિવિધાન પ્રવૃત્તિ આત્મશુદ્ધિ અને મોક્ષ પ્રાપ્તિ માટે છે. જીવાત્મા અનાદિ કાળથી કર્મથી જકડાયેલો ઘેરાયેલો છે. કષાય રાગદ્વેષથી બંધાતા કર્મ સંયોગે જીવ જુદી જુદી ગતિ જાતિમાં અનંતીવાર ભવભ્રમણ કરી શરીર ધારણ કરે છે, મૂકે છે અને સુખ દુઃખ અનુભવે છે ચૌદ રાજલોક જેવા વિરાટ વિશ્વમાં અનંતાનંત જીવો રહેલા છે તે દરેક જીવ અનંતા જીવો સાથે અનંતીવાર સંબંધમાં આવે છે. અને એક બીજાને માટે અતિ અલ્પાંશે સુખ અને પ્રાયઃ હિંસાદિક દુઃખ પરિતાપનું કારણ બને છે. તેમાં એક બીજાને દુઃખ પરિતાપ આપતા સંબંધોના પ્રમાણમાં સુખના સંબંધો એક ટકો પણ હોતા નથી તેથી જ્ઞાની ભગવંતોએ આ સંસારને નિત્ય સળગતા દાવાનળ સમાન ગણેલ છે. અને શરીરનું અનિત્ય અશરણાદિ સ્વરૂપ સમજાવી સંસારના કારણભૂત રાગદ્વેષ કષાય કર્મજનિત પ્રવૃત્તિમાંથી મુક્ત થવા જ્ઞાની ભગવંતો સતત ઉપદેશ આપે છે. તે કર્મમુકત થવાની પ્રવૃત્તિને જૈન પરિભાષામાં નિર્જરા કહે છે. તે નિર્જરા બાહ્ય આભ્યંતર તપશ્ચર્યા દ્વારા સાધી શકાય છે. આભ્યંતર તપશ્ચર્યાના છ પ્રકારોમાં પ્રાયશ્ચિત મહત્ત્વનું અંગ છે. તે દ્વારા જીવે કરેલા પાપકર્મ અપરાધોનું પ્રાયશ્ચિત કરવામાં આવે છે. અને એ રીતે પાપકર્મથી મુક્ત થવાય છે. તે પ્રાયશ્ચિત દ્વારા જીવ પોતા તેમજ અન્ય જીવો સંબંધે મોહ, માન, માયા, લોભ વિષય કષાય જનિત કર્મનું સંશોધન કરી તેમાંથી છૂટવા પ્રયત્ન કરે છે. તેમાં અન્ય જીવો પ્રત્યે કરેલા વિષય કષાયાદિ અપરાધ પાપકર્મની ક્ષમા માગી અને અન્ય જીવોએ પોતા પ્રત્યે કરેલા અપરાધ પાપકર્મની ક્ષમા આપી કર્મમુકત થાય છે. તે માટે સંસારના ચોરાસી લાખ જીવાયોનિમાં જે કોઇ જીવ પ્રત્યે અઢાર પાપસ્થાનક સૂત્રમાં વર્ણવેલ જે કાંઇ હિંસાદિ પાપકર્મનું આચરણ સેવન કર્યું કરાવ્યું અનુમોદ્યું હોય તેનું મન, વચન, કાયાથી મિચ્છા મિ દુક્કડં દેવામાં આવે છે અને વંદિત્તુ સૂત્રની જુદી જુદી ગાથાઓ દ્વારા અને ખાસ કરીને લોક જીભે સહજ રમતી બોલાતી **खामेमि सव्व जीवे** પદવાળી ગાથાના ઉચ્ચારણ દ્વારા પાપકર્મની ક્ષમા માગવામાં તથા આપવામાં આવે છે. જૈનોમાં ક્ષમાપના શબ્દ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એટલો રૂઢ પ્રચલિત છે કે તે વિષે વિશેષ સમજાવવાની જરૂર નથી. નિત્ય પ્રતિક્રમણ કરનારા અને નહિ કરનારા પણ ક્ષમાપનામાં માને છે. જે સમજવાનું છે તે ક્ષમાપનાનો આંતરિક ભાવ અને તે ભાવપૂર્વક જીવોના અરસ્પરસ વર્તન આચરણ છે

જીવાત્માને લાગેલા કર્મબંધથી છૂટવા જેમ પ્રાયશ્ચિત આવશ્યક છે તેમ જીવોએ અરસ્પરસ બાંધેલા હિંસાદિક પાપકર્મ દોષથી છૂટવા ક્ષમાપના કરવી આવશ્યક છે. કર્મનો સનાતન નિયમ છે કે જીવ હિંસાદિક જેવા કર્મ કરે તેવા તેના ભોગવવા પડે છે, તે પોતા તેમજ અન્ય જીવોના સંબંધમાં પણ ઉદયમાં આવે છે અને ભોગવાય છે. તે હિંસાદિક પ્રવૃત્તિ રાગદ્વેષનો ત્યાગ કરે નહિ, તેમાંથી સમજણપૂર્વક છૂટે નહિ ત્યાં સુધી જીવની ભવપરંપરા–દુઃખપરંપરા ચાલુ રહે છે. તેમાંથી છૂટવાનો મુખ્ય માગ ધ્યાનપૂર્વકની તપશ્ચર્યા અને ક્ષમાપના છે. દરેક જીવે પોતા પ્રત્યે કરેલા કર્મનું નિવારણ કરવા ઉપરાંત અન્ય જીવો પ્રત્યે આચરેલા પાપ કર્મ દોષોનું પણ નિવારણ કરવાનું રહે છે. અને તેમાં ક્ષમાપના ક્રિયા મુખ્ય છે તેમાં બીજા જીવોએ પોતા પ્રત્યે કરેલા અપરાધ પાપ દોષોની ક્ષમા આપવાની અને બીજા જીવો પ્રત્યે પોતે કરેલા પાપકર્મની ક્ષમા માગવાની છે. જ્યાં સુધી ભાવપૂર્વક ક્ષમા આપવા માગવામાં આવે નહિ ત્યાં સુધી જીવો સાથેના હિંસાદિક પ્રવૃત્તિથી પેદા થયેલ વેર વિરોધના સંબંધો ચાલુ રહે છે અને કેટલીકવાર તે કેટલાક ભવોભવ ચાલુ રહે છે, અને જીવાત્માને આધ્યાત્મિક સુખશાંતિ મળતા નથી અને કર્મ મુક્ત દશા અથવા મોક્ષ પ્રાપ્તિ થઇ શકતા નથી. આ ક્ષમાપનાની વાત જૈન ધર્મમાં જેટલા વિસ્તાર વિવેચનપૂર્વક સમજાવવામાં આવી છે તેવી વાત અન્ય કોઇ ધર્મમાં મળતી નથી. કારણ કર્મબંધનો સિદ્ધાંત અને તેના ક્ષેપની પ્રક્રિયા જૈન ધર્મશાસ્ત્ર માફક અન્ય કોઈ ધર્મશાસ્ત્રમાં મળતા નથી. કોઇ એક જીવને બીજો જીવ ગમે તેટલું દુઃખ આપે પણ તે શાંતિ પૂર્વક સહન કરી લેવામાં આવે તે ઉપરાંત દુઃખ આપનાર પ્રત્યે ક્ષમાભાવ ધારણ કરવામાં આવે તો નવો કર્મબંધ થતો નથી અને જુના કર્મની નિર્જરા થાય છે. આ સંસારમાં એક બીજાના સંબંધમાં દરેક જીવને આવવું પડે છે અને એક બીજા પ્રત્યે જાણતા અજાણતા પાપ કર્મ અપરાધ થઈ જાય છે તેમાં જે જીવ બીજાના અપરાધ પાપકર્મ પ્રત્યે ક્ષમાભાવ ધારણ કરે છે તે નવાં કર્મ બાંધતો નથી. અને જુના કર્મની નિર્જરા કરે છે અને તેનો આધ્યાત્મિક વિકાસ ઘણો સુલભ થાય છે

સમજુ ધર્મનિષ્ઠ મનુષ્યને માટે બીજાના પાપકર્મ અપરાધ પ્રત્યે ક્ષમાધારણ કરવાનું કામ સહેલું છે. પણ કેટલીકવાર બીજા પ્રત્યે કરેલ પાપકર્મ અપરાધની તેની પાસે ક્ષમા માગવી તે મુશ્કેલ છે કારણ તેમાં માન અભિમાન મોટાઇ આડા આવે છે પણ આ ભવ પરભવના વેરે વિરોધ શમાવવા બીજા પ્રત્યે કરેલ અપરાધની બની શકે તેમ રૂબરૂ ક્ષમા માગવી આવશ્યક છે. આ સંસારમાં ઘણા મોટા જીવો નાના જીવોને મારી ખાય છે. તેમ મનુષ્ય વ્યવહારમાં મોટા માણસો નાના માણસોને ઘણા ઘણા દુઃખ પરિતાપ આપે છે. કેટલીકવાર તેવો અપરાધ અજાણતા પણ થાય છે. તેથી મોટા માણસોએ નાના માણસોની ક્ષમાપના ખાસ કરીને માગવી જોઇએ. જેથી ભવાંતરમાં તેવા માણસો સાથે બંધાયેલા વૈર વિરોધનો પ્રત્યાઘાત પડે નહિ અને આધ્યાત્મિક વિકાસમાં અંતરાય નડે નહિ. આ દ્રષ્ટિએ સમરાદિત્ય કેવળી ચરિત્રમાં કેટલાક ભવસુધી ભોગવાતા વૈરવિરોધની વાત બહુ સારી રીતે સમજાવી છે. પૂર્વ ભવોમાં કરેલાં પાપકર્મોના પરિણામે ભગવાન મહાવીર જેવા તીર્થંકરને પણ ઘોર ઉપસર્ગો કારમી રીતે ઉદયમાં આવ્યા પણ સંપૂર્ણ ક્ષમાભાવ અને કરૂણાભાવથી તે ઉપસર્ગોને સહન કર્યા અને **ક્ષમા વીરસ્ય ભૂષણમ્** નું બિરૂદ ધારણ કરી ઘાતિ કર્મનો ક્ષય કર્યો અને કેવળજ્ઞાન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રાપ્ત કર્યું. ક્ષમા ગુણ વીર પુરૂષોમાં વધારે શોભે છે પાપી અપરાધીને સજા દંડ કરવાની પૂરી તાકાત છતાં તેને વીર-શકિતશાળી પુરૂષો દયાભાવથી માફ કરે તેમાં ખરી વીરતા છે તે વીરતાની કસોટી છે તે વીરતાપૂર્વકના ક્ષમાભાવ દયાભાવ કારણે ઘણાના વૈર વિરોધ શાંત થાય છે, ઘણાનું આત્મકલ્યાણ સધાય છે

સાચા ભાવથી ક્ષમાપના કરવામાં આવે તો તે ક્ષમાપના ગુણમાં એટલી બધી શકિત છે કે તેના આધારે ઘાતિકર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન અને મોક્ષ પ્રાપ્ત થાય છે ભગવાન મહાવીરની મુખ્ય સાધ્વી ચંદનબાળા અને મૃગાવતી વચ્ચે ક્ષમાપનાનો પ્રસંગ સુંદર દ્રષ્ટાંત આપે છે. ભૂલ થાય તો ગમે તેવા મોટાએ પણ નાના ને ખમાવવા જોઇએ તે બાબત ભગવાન મહાવીરે ગૌતમ સ્વામી જેવા ગણધરને આનંદ શ્રાવકને ખમાવવા આજ્ઞા કરેલ તે પ્રમાણે ગૌતમ સ્વામીએ આનંદ શ્રાવક પાસે જઇ કરેલ ક્ષમાપનામાંથી ઘણો બોધ લેવા જેવો છે. એટલે ગુરૂ શિષ્યોએ ક મોટા નાના દરેકે પરસ્પર ક્ષમાપના કરવીજ જોઇએ તેથી દશ વિધ પ્રકારના યતિ ધર્મમાં ક્ષમા ગુણને પ્રથમ સ્થાન આપેલ છે. ક્ષમા ગુણથી હિંસાદિક પ્રવૃત્તિનો ત્યાગ અને વૈર વિરોધ શાત થાય છે અને દુઃખ પરંપરાને સ્થાન રહેતુ નથી ક્ષમા ગુણથ મૈત્રીભાવ પણ કેળવાય છે. ક્ષમા ભાવના મૂળમાં બીજા પ્રત્યે આત્મકલ્યાણ બુદ્ધિ એટલે મૈત્રીભાવ રહેલ છે. સંસારના વ્યવહારમાં પણ મિત્રો એક બીજાની ભૂલો દોષો માફ કરે છે બીજાના દોષો પાપોનો બદલોજ લેવામાં આવે તો સંસારમાં અરસપરસ શત્રુતા *ફણીજ વધી* જાય, અને બાપને માર્યા વૈર જેવા વેરપરંપરા પરિણમે અને સંસારમાં કોઇને સુખ શાંતિ મળે નહિ. જ્યારે સ્વપર આત્મહિત બુદ્ધિએ બીજાના અપરાધ ગુન્હા માફ કરવાથી હૃદયમાં ઉદારતા સાથે મિત્રતા અને બીજા ઘણા ગુણોની વૃદ્ધિ થાય છે. કષ્ટક ઘાતક અને મહાપાપીઓના જીવન સંત મહાત્મા પુરૂષોના ઉપદેશ અને ક્ષમા ગુણના પ્રભાવથી સુધરી જાય છે. ક્ષમા ભાવથી માર્દવ એટલે નમ્રતા અને આર્જવ એટલે સરલતા પણ પ્રાપ્ત થાય છે. ક્ષમા ગુણથી ક્રોધાદિ કષાય શાંત થતાં પ્રશમભાવ પણ પ્રાપ્ત થાય છે. આત્મ વિકાસ સાધનામાં સમકિત પ્રાપ્તિ માટે ક્ષમા, પ્રશમતા, નમ્રતા, સરલતા પાયાના ગુણો છે. સમકિત રક્ષણ માટે તે આવશ્યક છે. અને તેના પાયા ઉપર જ ગુણશ્રેણીની ઇમારત ચણી શકાય છે. અંતરમાં કોઇ પણ પ્રત્યે વૈરવિરોધ રાખનાર અને બીજાને તુચ્છ હલકી દૃષ્ટિએ જોનાર અભિમાની કે માયાવી મનુંષ્ય ગમે તેટલી ધર્મક્રિયા કે તપશ્ચર્યા કરે તો પણ ખરી આત્મસાધના કરી શકે નહિ. તેવા મનુષ્યે અગાઉ સમકિત પ્રાપ્ત કરેલ હોય છતાં કોઇ બીજા પ્રત્યે અત્યંત ક્રોધાદિક કષાય વૈરવિરોધ એક વર્ષ ઉપરાંત કે જીવન પર્યંત ચાલુ રહેતો અનંતાનુબંધી કષાયના પરિણામે તે સમકિતથી ભ્રષ્ટ પતિત થાય તે માટે જ નિત્ય પ્રતિક્રમણ ક્રિયામાં તેમજ સંવત્સરી પ્રતિક્રમણમાં જ્ઞાની ભગવંતોએ ક્ષમાપનાની યોજના કરી છે. રોજ પ્રતિક્રમણ કરી શકે નહિ તેમણે પાક્ષિક ચાતુર્માસિક કે છેવટ સંવત્સરી પ્રતિક્રમણ કરી દરેક જીવ પ્રત્યે કરેલ પાપ અપરાધ વિરાધનાની અંતરમાં સાચા ભાવથી ક્ષમાપના કરવી એ દરેક જૈનની પવિત્ર ફરજ છે. ક્ષમાપનાથી ઘણા દોષોની શુદ્ધિ થાય છે, ઘણા વેરવિરોધ શાંત થાય છે અને ઘણાને આત્મ જાગૃતિ આત્મકલ્યાણ સધાય છે

મરણાંતિક ઉપસર્ગ પ્રાણઘાતક વેદના કરનાર પ્રત્યે સંપૂર્ણ શમતા સહનશીલતા પૂર્વક ક્ષમાભાવ ધારણ કરી પરમ આત્મશ્રેય સાધનાર મેતાર્ય મુનિશ્રી સઝાયમાં મેતાર્ય મુનિ, ગજસુકુમાર મુનિ વિગેરેના દૃષ્ટાંત ઉત્કૃષ્ટ આદર્શ આપે છે. મુનિરાજને મોદક વહોરાવતા ક્રૌંચ પક્ષી સોના જવલા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચણી ગયો. પણ સોનીને સાચી ખબર નહિ તેથી જવલા નહિ જોતાં મેતાર્ય મુનિ ઉપર ચોરીની શંકા આવી. પોતે જાણે છતાં સાચી વાત કહેતાં જવલા માટે સોની પક્ષીનો વધ કરે તેથી મેતાર્ય મુનિ મૌન રહ્યા અને સોનીના હાથે મરણાંતિક ઘોર ઉપસર્ગ પીડા સહન કર્યા, અને શમના ક્ષમાની ઉંચી ભાવના ઉપર ચડી આયુષ્યના અંતે સિદ્ધિપદ મેળવ્યું. જોગાનુજોગ મુનિરાજના અગ્નિ-સંસ્કાર માટે લાકડાના ધબકારાથી ક્રૌંચ પક્ષીએ વિષ્ટામાં જવલા બહાર કાઢ્યા. સોનીએ તે જોતાં પોતાની ગંભીર ભૂલ સમજાણી અને ભારે પશ્ચાતાપ થયો. અને મુનિરાજના ઓઘો મુહપત્તિ લઇ સંયમ ધારણ કર્યો. એ રીતે મેતાર્ય મુનિએ મૌન ધારણ કરી ક્રૌંચ પક્ષીને બચાવ્યો અને પોતે મરણાંતિક ઉપસર્ગ સહન કરી શમતા અને ક્ષમાની ઉંચી ભાવનાપૂર્વક આત્મશ્રેય સાધ્યું. તેવી રીતે ગજસુકુમાર મુનિએ ક્રોધી સોમીલ સાસરાના હાથે મસ્તક ઉપર અગ્નિ । ઘોર ઉપસર્ગ સહન કરી ક્ષમા ધારણ કરી આયુષ્ય અંતે મુક્તિ પદ મેળવ્યું. આત્મકલ્યાણ સાધક શમતા અને ક્ષમાભાવના જૈન કથાનકોમાં આવાં અનેક દૃષ્ટાંતો ઉપરથી ઘણો બોધ લેવા જેવું છે.

છેવટ પ્રતિક્રમણમાં વંદિત્તુ સૂત્રની લોક જીભે ચડતી પ્રસિદ્ધ ગાથા —

ખામેમિ સવ્વ જીવે, સવ્વે જીવા ખમંતુ મે,
મિત્તિમે સવ્વભૂએસુ, વેરં મજ્ઝ ન કેણઇ

મુજબ સર્વ જીવો પ્રત્યે અરસપરસ ક્ષમાપના કરવા સાથે દરેક જીવ પ્રત્યે મિત્રતા એટલે આત્મહિત બુદ્ધિ ધારણ કરવી, અને કોઇના પણ પ્રત્યે વૈરભાવ રાખવો નહિ. તે ભાવના ધર્મનિષ્ઠ ગણાતા સૌએ પોતાના જીવનમાં ચરિતાર્થ કરવાની અને પર્યુષણ પર્વમાં મહાન ગણાતા સંવત્સરી પર્વની ઉપાસના સાર્થક કરવાની છે. અમારા તરફથી પણ સૌ જીવો પ્રત્યે એજ ભાવના સાથે ક્ષમાપનાની યાચના અને અર્પણા છે.


## जैनधर्म की पुस्तकें

1 Jain Monastic Jurisprudance.
Dr. S B. Dev 3-00
2 Progress of Prakrit and Jain
Studies Dr. Sandesara 0-75
3 Studies in Jain Philosophy.
Dr. Nathmal Tatia 16-00
4 Lord Mahavir. Dr. Boolchand 4-50
5 Hastinapura.
Dr. Prof. Amarchand M. A. 2-25
6 Studies in Jain Art.
Dr. U. P. Shah 10-00
7 Early History of Orissa
Dr. A. C. Mittal 21-00
8 Literary Evaluation of
Paumacariyam K. R. Chuader 1-50
९ महामात्य वस्तुपालका साहित्य मंडल
डो. सांडेसरा ४-००
१० भारत के प्राचीन जैन तीर्थ
डॉ. जगदीशचन्द्र जैन २-००
११ आत्ममीमांसा. श्री दलसुख मालवणिया २-००
१२ जैन साहित्य की प्रगति. पं. सुखलालजी ०-५०
१३ जीवन में स्याद्वाद-श्री चन्द्रशंकर शुक्ल ०-७५
१४ सुवर्णभूमिमें कालकाचार्य
डो उमाकान्त शाह १-००
१५ स्वाध्याय महात्मा भगवान दीन २-००
१६ आध्यात्मिक विचारणा प. सुखलालजी २-००
१७ दर्शन और चिंतन
श्री पं. सुखलालजी (हिन्दीमें) ७-००
१८ जैन अध्ययन की प्रगति
श्री दलसुख मालवणिया ०-२१

વિસ્તૃત સૂચિપત્ર મંગાવો
**જૈન સંસ્કૃતિ સંશોધન મંડળ**
જૈનાશ્રમ, વારાણસી ૫ અથવા
સરસ્વતી પુસ્તક ભંડાર, રતનપોળ, અમદાવાદ
ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રોડ, અમદાવાદ




For Private And Personal Use Only


Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ-પાલીતાણા (સૌ)

(રજીસ્ટર નં. A ૨૩૬૧ (ભાવનગર) ઇન્કમટેક્સ એકઝેમ્પશન નં. B.R.C/Se, 888 100
Cert./CH-56-5/63-64 )

## 卐 પર્વાધિરાજ પર્યુષણા પર્વના માંગલિક પ્રસંગે 卐

## * શ્રી ચતુર્વિધ સંઘને નમ્ર વિનંતિ *




શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમના નવા મકાનનું દૃશ્ય.

સૌરાષ્ટ્રમાં કેટલીએ જીવંત સંસ્થાઓ આજપણ મહામહેનતે ટકી રહી છે. એવી સંસ્થાઓમાં પાલીતાણા ખાતે આવેલ **શ્રી** સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ સંસ્થા મોખરે આવે છે. સારાએ ભારત વર્ષમાં જૈન બ્હેનોની વિકાસની મંગળ રેખા દોરતી આ એક જ સંસ્થા છે.

આ સંસ્થા સ્થપાયાને ૪૫ વર્ષના વ્હાણા વાઇ ગયા છે. પાંચ બ્હેનોની નાનકડી સંખ્યા અને નાના એવા ભાડુતી મકાનમાં આ સંસ્થા શરૂ કરેલ. ત્યારપછી સંસ્થાએ પોતાની માલીકીનું નાનું પણ હવા પ્રકાશવાળું સુંદર મકાન બંધાવ્યું. આજે સમાજને કેળવણીની ભૂખ જાગી છે. અને આ મકાન પણ સંખ્યા વધતા નાનું પડવા લાગ્યું અને દર વર્ષે આવતી દાખલ અરજીઓ થોકબંધ નામંજુર કરવી પડતી, આથી કાર્યકરોને દુઃખ થતું. તેથી સંસ્થાએ એક વિશાળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમના નુતન જિનમંદિરનું દૃશ્ય

મકાન બાંધવા આયોજન ઘડયું, અને શહેરની નજીકમાં જમીનનો એક વિશાળ પ્લોટ ખરીદ્યો. તેના ઉપર ત્રણ વર્ષની કાર્યકરોની સતત મહેનત અને પરિશ્રમને લઈ સમાજના સહકારથી રૂપીઆ નવ લાખના ખર્ચે એક વિશાળ અદ્યતન ભવ્ય અને સંપૂર્ણ જીનમંદિર બંધાવી શકયા છીએ. ચાલુ સાલે મહા વદી ૨ રવિવાર તા. ૨૬-૨-૬૭ ના રોજ જૈન સમાજના અગ્રગણ્ય દાનવીર અને ઉદ્યોગપતિ શેઠ શ્રી કસ્તુરભાઇ લાલભાઈના હસ્તે હજારોના માનવમેદની વચ્ચે ઉદ્ઘાટન કરવામાં આવ્યું. અને ચાલુ સાલના વૈશાખ શુદી ૩ શુક્રવાર તા ૧૨ ૫-૬૭ના રોજ મકાન સાથે બંધાવેલ ભવ્ય જીનમંદિરનો પ્રતિષ્ઠા મહોત્સવ ખૂબ જ ધામધુમથી ઉજવવામાં આવેલ. આ પ્રસંગે અમારી વિનંતિને માન આપી ઉનાળાની સખ્ત ગરમીના દિવસો છતાં વયોવૃદ્ધ પૂજ્ય આચાર્ય શ્રી વિજયપ્રેમસુરિશ્વરજી મહારાજ પોતાના શિષ્ય સમુદાય સાથે અમદાવાદથી વિહાર કરી અત્રે પધારેલ તેમજ આચાર્ય શ્રી કૈલાસસાગરસુરીજી તથા પૂ પંન્યાસજી મહારાજ માનતુંગવિજયજી મહારાજ સાહેબ પણ પધાર્યા હતા, અને અમોને ઉપકૃત કર્યા છે. આ નવું મકાન થતાં ૨૦૦-૨૫૦ બહેનોથી સંસ્થાને મધમધતી જોવાની કાર્યકરો અભિલાષા રાખે છે. ચાલુ સાલે સંખ્યા વધારીને ૧૭૦ બહેનોને આ સંસ્થા શિક્ષણ-સંસ્કાર આપી રહેલ છે. ક્રમે ક્રમે સંખ્યા વધારતા જઈશું.

અત્યારની ભીષણ મોંઘવારી છે. સંખ્યાનું પ્રમાણ વધતું જાય છે. જેથી વાર્ષિક નિભાવ ખર્ચ ઘણો વધતો જાય છે. આવડા મોટા ખર્ચાને પહોંચી વળવાનું કાર્યકરો માટે ઘણું કઠણ બની રહેશે; છતાં કાર્યકરો સમાજને ભરોસે કાર્યને વેગ આપી રહ્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ખરેખર આ સંસ્થા સઘળા બ્હેનોનું સંસ્કાર ધામ, વિધવા બ્હેનોનો વિસામો, નિરાધાર બ્હેનોનો જીવન આધાર, અજ્ઞાન બ્હેનોનો જ્ઞાન પ્રદિપ, દુઃખી બ્હેનોનું સુખશાંતિ ધામ અને જ્ઞાનનું પવિત્ર ઝરણું છે.

દુઃખી નિરાધાર, અજ્ઞાન, બળીઝળી, ત્યકતા, વિધવા બ્હેનોને આત્મઘાતમાંથી બચાવી શીળી છાંયડી, શાંતિ, સંતોષ, સંસ્કાર અને શિક્ષણ આપવાનું આ સંસ્થા પુણ્યકાર્ય કરે છે. સમાજના ભાઈ-બ્હેનો આ શ્રાવિકાશ્રમની સેવાની સૌરભ પ્રસરાવો.

જૈન સમાજ એ દાનશુરો સમાજ છે. સાધાર્મિક ભક્તિ તેની નસેનસમાં ભરી પડી છે. ધર્મ, સાહિત્ય, કળા અને સાધાર્મિક ભાઈ-બ્હેનોના કલ્યાણ માટે લાખોના દાન કરે છે. આવા દાનવીર જૈન સમાજની સારાએ ભારતવર્ષમાં સ્ત્રી-વિકાસની આવી આ એક જ સંસ્થા છે. તેને પોષી પગભર કરશે એવી શ્રદ્ધા સાથે સંસ્થાને વિકસાવી રહ્યા છીએ.

પૂજ્યપાદ આચાર્ય મહારાજો, પૂજ્યપાદ મુનિ મહારાજો, પૂજ્ય સાધ્વીજી મહારાજો ચાતુર્માસ દરમ્યાન આપના સદ્દોપદેશ દ્વારા આ સંસ્થાને સારી એવી મદદ મળે તેમ કરવા શ્રી સંઘને પ્રેરણા આપશો.

ગામે ગામના શ્રી સંઘ, સંઘના આગેવાનો, કેળવણી પ્રિય સજ્જનો, દાનવીરો, ટ્રસ્ટ ફંડના ટ્રસ્ટી સાહેબો અને દેશ વિદેશમાં વસતા આપણા ભાઇ-બ્હેનો આ પર્વાધિરાજના મંગળ દિવસોમાં સંસ્થાને યાદ કરી સારી એવી સહાય મોકલવા નમ્ર અપીલ કરીએ છીએ.

સંસ્થામાં અભ્યાસ કરતી બ્હેનો દુઃખી છે, નિઃસહાય છે, ગરીબ છે, અનાથ છે તે દૃષ્ટિથી કોઈ દાન ન આપે, પણ જૈન ધર્મને માનનાર વિતરાગ ભગવંતની આજ્ઞાને માનનાર એકે એક ભાઈ-બ્હેન આ આપણી સાધાર્મિક બ્હેનો છે તેને હક તરીકે-ફરજ તરીકે ફૂલ નહિ તો પાંખડી મોકલી સંસ્થાના કાર્યને વેગ આપશો.

આ પર્વાધિરાજના પર્વ દિવસોમાં નાની-મોટી બ્હેનો જે ઉગ્ર તપ કરે છે, તે નજરે જોનારને આશ્ચર્યમુગ્ધ કરે છે.

સંસ્થાના સ્થાપક શ્રીમતી હરકોરબહેન શ્રીમતી સુરજબહેન અને શ્રીમતી સમરથબહેનનો આત્મા જ્યાં હશે ત્યાં સંસ્થાની પ્રગતિ જોઇ આશીર્વાદ વરસાવતા હશે.

મદદ મોકલવાનું ઠેકાણું

૧. **શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ**
પાલીતાણા (સૌરાષ્ટ્ર)

૨. **શેઠ જીવતલાલ પ્રતાપશિ**
૯૭, સ્ટોક એક્ષેજ બિલ્ડીંગ
એપોલો સ્ટ્રીટ, કોટ, મુંબઈ. ૧

લી૦

**માણેકલાલ ચુનીલાલ** પ્રમુખ
**જીવતલાલ પ્રતાપશિ** ઉપપ્રમુખ
**જયંતિલાલ રતનશી** મંત્રી
**જેઠાલાલ ચુનીલાલ** ,,
**ચંદુલાલ ત્રિભોવનદાસ** ,,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ श्री साचादेव सुमतिनाथाय नमः ॥

**શ્રી તાલધ્વજ તીર્થમાં શ્રી શાંતિનાથ દેરાસરમાં**

**શ્રી તળાજા શહેરમાં**

# શ્રી મલ્લીનાથ ભગવાનનું નૂતન જિનાલય

## : બાંધવાની યોજના :

શ્રી તાલધ્વજ તીર્થક્ષેત્રમાં શ્રી તળાજા શહેરમાં શાંતિનાથ જિનાલયમાં શ્રી મલ્લીનાથ ભગવાન આદિ ભવ્ય પ્રાચીન સંપ્રતિ મહારાજાના સમયના પ્રતિમાજી મહારાજો વરસો થયા પરોણા દાખલ પધરાવેલ હતા. તે જગ્યાએ રંગમંડપ યુકત ભવ્ય જિનાલય બાંધવા માટે કમિટીએ યોજના કરી છે.

જિનાલયનું ખનન સં. ૨૦૨૩ના વૈશાક વદિ ૯ ગુરૂવારનાં તથા શીલાસ્થાપન જેઠ સુદ ૧૦ શનિવારના રોજ થયેલ છે

શ્રી મલીલનાથ ભગવાનનાં તીગડાની પ્રતિષ્ઠા કરવાનો આદેશ અપાઇ ગયેલ છે અને જિનાલય બંધાવવા માટે નીચે મુજબ યોજના કરી છે.

**રૂ. ૧૦૦૧] શ્રી મલ્લીનાથ જિનાલય બાંધકામમાં આપનાર શ્રીમાનનું નામ આરસની સળંગ તકતીમાં લખવામાં આવે છે.**

આ યોજનામાં નામો લખાવા શરૂ થયા છે. દેરાસરોનાં દેવ દ્રવ્યોનાં વધારામાંથી સંઘો ટ્રસ્ટી સાહેબો જીર્ણોદ્ધારમાં લાભ લે તેવી વિનંતી છે.

તીર્થક્ષેત્રમા જિનભકિતનો લાભ લેવા ભારતભરના સકલ સંઘોને નમ્ર વિનંતી. લી.

શ્રી તાલધ્વજ જૈન શ્વે. તીર્થ કમિટીના જયજીનેંદ્ર

તા. ક. :–શ્રી જૈન શ્રાવિકા ઉપાશ્રયનું નવું મકાન આર. સી. સી, પ્લાનથી બાંધવાનું શરૂ છે. રૂ. ૨૫૧]માં આરસની સળંગ તકતીમાં નામ લખાય છે. કેસર સુખડ સેવા પૂજાનાં કપડાંનો હોલ ગિરિરાજ ઉપર બાંધવાનો છે તેમાં રૂ. ૨૫૧]માં આરસની સળંગ તકતીમાં નામ લખાય છે.

-: ઠેકાણું :-

ટે. નં. : ૩૦

શ્રી બાબુની જૈન ધર્મશાળા પેઢી

તળાજા ( સૌરાષ્ટ્ર )

।।।।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જુનો બજાર
ઇડર [ સાબરકાંઠા ]



# શ્રી ઈડર પાંજરાપોળને મદદ કરો

**અહિંસાના અવતાર મહાનુભાવ દાનવીરોને**
**નમ્રભાવે અપીલ કરીએ છીએ કે:-**

આ વર્ષે આ સંસ્થા પાસે ૫૦૦ પાંચસો જીવોની સંખ્યા છે. દુષ્કાળ પરિસ્થિતિને લીધે હરરોજની ઢોરની આવક ચાલુ છે. આ પ્રદેશમાં ગયા વરસે વરસાદ એક મહિનો મોડો પડવાથી ચારાની બહુ મુશ્કેલી છે. ઢોરો માટે રોજીંદો ખોરાક ઘાસ પણ ખૂટી જવા આવેલ છે. આવા કપરાં સમયમાં જીવોના નિભાવ માટે આ વર્ષે તો કપરી મુશ્કેલી ઉભી થઈ છે. એથી કરીને આ સમયે મદદ કરવી જરૂરી છે, તો સંસ્થાની આ મુશ્કેલીભરી અપીલ ધ્યાનમાં લેવડાવી યોગ્ય દાન મોકલવા પુણ્ય ઉપાર્જન કરશોજી. એજ વિનંતી

લી. શ્રી ઇડર પાંજરાપોળ સંસ્થા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

## ખાસ અગત્યની વિનંતી

આ સભા તરફથી આજસુધીમાં માગધી, સંસ્કૃત, ગુજરાતી, ઈંગ્લીશ તથા હિન્દી ભાષામાં લગભગ બસો પુસ્તકો પ્રગટ કરવામાં આવ્યાં છે. તેમાંથી મોટા ભાગના ગ્રંથો આજે સ્ટોકમાં નથી, માત્ર સાઠથી પણ ઓછા ગ્રંથો સ્ટોકમાં છે અને તેમાં પણ કેટલાક ગ્રંથોની તો બહુ જ થોડી નકલો સ્ટોકમાં છે. હાલ જે ગ્રંથો સ્ટોકમાં છે તેમાંના સંસ્કૃત વિભાગની અગત્યની યાદી નીચે આપવામાં આવેલ છે. આ પ્રકાશનો ખૂબ જ ઉપયોગી અને તરત વસાવી લેવાં જેવાં છે. તો જેઓએ તે વસાવેલ ન હોય, તે પોતાના જ્ઞાન–ભંડારમાં તરત વસાવી લ્યે તેવી અમારી ખાસ વિનંતી છે. નીચે દર્શાવેલ કીંમતે ગ્રંથ સ્ટોકમાં હશે ત્યાં સુધી આપવામાં આવશે અને ખાસ સગવડ તરીકે તેમાં સાડાબાર ટકા કમિશન કાપી આપવામાં આવશે.

१ वसुदेव हिण्डी : (દ્વિતીય અંશ) १०–०० <br>
२ आ. देवेन्द्रसूरिकृत टीकायुक्त कर्मग्रंथ भाग २जो (પાંચ અને છ) ६–०० <br>
३ जैन मेघदूत २–०० <br>
२ प्रकरण संग्रह (પ્રતાકારે) (જેમાં સિંદૂર પ્રકરણ મૂળ, તત્ત્વાર્થાધિગમ સૂત્ર, મૂળ, ગુણસ્થાનક્રમારોહ મૂળ છે.) ०–५० <br>
५ त्रिषष्ठी पर्व भा. १लो (મૂળ સંસ્કૃત) ६–०० <br>
६ ,, ,, भा. २जो ,, ८–०० <br>
७ ,, ,, (પ્રતાકારે) १०–०० <br>
आ. श्री विजयदर्शनसूरिकृत टीकायुक्त <br>
८ सम्मतितर्कमहार्णवतारिका .......... १५–०० <br>
९ तत्त्वार्थाधिगमसूत्रम् ................ १५–००

લખો : જૈન આત્માનંદ સભા : ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સ્વર્ગવાસ નોંધ

અનોપચંદ વ્રજલાલ કાર ( ઉ. વર્ષ ૪૭ ) સંવત ૨૦૨૩ના અષાડ વદિ ૩ સોમવાર તા. ૨૪-૭-૬૭ના રોજ મુંબઈમાં સ્વર્ગવાસી થયેલ છે તે જાણી અમો ઘણા દીલગીર થયા છીએ તેઓશ્રી સ્વભાવે ખૂબ મિલનસાર હતા. તેમ જ ધર્મપ્રેમી હતા તેઓ આ સભાના આજીવન સભ્ય હતા પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

પંડિત રત્ન અમૃતલાલ અમરચંદ સલોતના સ્વર્ગવાસી થયાથી અમે શોકની લાગણી અનુભવીએ છીએ તેમનો જન્મ સૌરાષ્ટ્રમાં આવેલ શ્રી શત્રુંજય મહાતીર્થની પંચતીર્થીમાં આવેલ દાઠા ગામમાં થયો હતો

તેઓએ, સ્વર્ગસ્થ શાસ્ત્ર વિશારદ જૈનાચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજશ્રીએ કાશી વિદ્યાધામમાં સ્થાપન કરેલ શ્રી મહામહોપાધ્યાય શ્રી યશોવિજય સંસ્કૃત પાઠશાળામાં વરસો સુધી રહી વ્યાકરણ ન્યાય કાવ્યકોશ તથા પ્રાકૃત વિગેરે સાહિત્યનો અભ્યાસ કરી વિદ્વતા પ્રાપ્ત કરી હતી.

તેઓશ્રીએ ઉપયોગી સંસ્કૃત સાહિત્યના કેટલાક ગ્રંથો સંપાદિત કર્યા હતા અને છેવટ અપૂર્વ ધાતુકોષ સંસ્કૃત ગુજરાતી સાહિત્યમાં જે અલભ્ય હતો તેની રચના સંપાદિત કરી સમાજને આપતા ગયા છે.

તેઓશ્રીએ પાલીતાણામાં રહી શેઠ આણંદજી કલ્યાણજી સંચાલિત હેમચંદ્રાચાર્ય પાઠશાળામાં સેંકડો સાધુ-સાધ્વીઓ વિગેરેને વ્યાકરણ કાવ્ય કોષનું અધ્યયન ઘણાં વરસો સુધી કરાવ્યું હતુ.

નામની પ્રસિદ્ધિથી દૂર રહેનારા વિદ્વાન છતાં નિરભિમાની અતિનમ્ર શ્રદ્ધાળુ શાસન પ્રત્યે અને ગુરૂપ્રત્યે અસાધારણ પ્રેમ ધરાવનારા એવા પં. રત્નનો સ્વર્ગવાસ ૭૫ વરસની ઉંમરે સંવત ૨૦૨૩ના જેઠ વદ ૮ શનિવાર તા. ૧-૭-૬૭ના થયો.

આવા એક પં. રત્નની જૈન સમાજને ભારે ખોટ પડી છે. તેઓશ્રી પાછળ બહોળો કુટુંબ પરિવાર પુત્ર પુત્રીઓ વગેરે મુકતા ગયા છે તેમને અમે આશ્વાસન પાઠવીએ છીએ.

તેમના અમર આત્માને શાસન દેવ ચિર શાંતિ અર્પો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અમારૂં અપૂર્વ પ્રકાશન

જેમને કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે अनुमल्लवादिनं तार्किकाः કહીને બિરદાવેલા છે તે તાર્કિકશિરોમણી વાદિપ્રભાવક આચાર્યપ્રવર શ્રી મલ્લવાદિપ્રણીત—

આચાર્યશ્રી **સિંહસૂરી** ગણિ વાદી ક્ષમાશ્રમણ વિરચિત ન્યાયાગમાનુસારિણી વૃત્તિ સહિત—

પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરના પ્રશિષ્ય પૂજ્યપાદ મુનિમહારાજશ્રી ભુવનવિજયજીના અંતેવાસી, ભારતીય સમગ્ર દર્શનશાસ્ત્રોના તલસ્પર્શી જ્ઞાતા વિદ્વાન મુનિ મહારાજશ્રી જંબૂવિજયજી સંપાદિત—

વિયેના યુનિવર્સિટીના પૌર્વાત્ય અને પાશ્ચિમાત્ય તત્વજ્ઞાનના સુપ્રસિદ્ધ વિદ્વાન પ્રોફેસર ડૉ. એરિચ ફ્રાઉવાલ્નેરની વિદ્વતાપૂર્ણ પ્રસ્તાવના સાથે—

**ન્યાયશાસ્ત્રના અભ્યાસીઓ માટે અતિ આવશ્યક અને જૈન ભંડારો જ્ઞાનશાળાઓ, યુનિવસિટીઓ, પુસ્તકાલયો વગેરેએ ખાસ વસાવવા યોગ્ય**

# द्वादशारं नयचक्रम्

## प्रथमो विभाग

( ૧-૪-अरा : )

વિદ્વાન મુનિરાજશ્રી જંબૂવિજયજીએ દેશપરદેશના વિદ્વાનોનો સંપર્ક સાધી સંસ્કૃત, અર્ધમાગધી પ્રાકૃત, અંગ્રેજી ઉપરાંત તિબેટન (ભોટ), ચીની, ફ્રેંચ વગેરે ભાષાઓમાં લખાયેલા સંબંધિત બૌદ્ધ અને બ્રાહ્મણ ગ્રંથોમાંથી અથાગ પ્રયત્ન કરી સંદર્ભો મેળવી જે વિદ્વતાપૂર્ણ પ્રાક્કથન, ટિપ્પણીઓ, ભોટ પરિશિષ્ટ વગેરે આપેલાં છે તે આ ગ્રંથની ખાસ વિશિષ્ટતા છે. આના લીધે આ ગ્રંથનું મહત્વ અતિશય વધી ગયું છે. આ સંબંધમાં પ્રોફેસર ડૉ. ફ્રાઉવાલ્નેર પ્રસ્તાવનામાં લખે છે કે–

"મુનિ જંબૂવિજયજીએ મૂળ ગ્રંથનુ પુનર્નિર્માણ એવી સરસ રીતે કર્યું છે કે મલ્લવાદીની વિચારસરણી પૂર્ણ નિશ્ચયાત્મક દેખાતી ન હોય તેવા સ્થળોએ પણ તેનો મુખ્ય આશય સંપૂર્ણપણે સમજી શકાય છે. આ ગ્રંથ બહુ જ કાળજીપૂર્વક તૈયાર થયો હોવાને લીધે આપણે સહુએ ધ્યાનમાં લેવા જેવો છે. ટીકાનો પાઠ વિશ્વસનીય છે અને અનેક શુદ્ધિઓ દ્વારા બુદ્ધિગ્રાહ્ય બનાવાયો છે. સૌથી વધારે તો, અનેક ટિપ્પણો અને સંબંધ ધરાવતા ગ્રંથોના પૂર્વાપર ઉલ્લેખોથી આ પાઠની ઉપયોગિતા વધી છે.

મુનિશ્રી જંબૂવિજયજીએ આ ગ્રંથ તૈયાર કરવામાં જે અગાધ જહેમત ઉઠાવી છે, તે બદલ તેઓશ્રી ભારતીય દર્શનશાસ્ત્રમાં રસ લેનારાઓના અને ખાસ કરીને જૈન દર્શનના અભ્યાસીઓના આભારને પાત્ર બન્યા છે. તેમજ આ ગ્રંથ પ્રકાશનમાં લાવવા બદલ **શ્રી જૈન આત્માનંદ સભાના** સંચાલકો પણ આભારપાત્ર બન્યા છે.

**કિંમત રૂા. ૨૫) પચીસ, ટપાલ ખર્ચ અલગ**

**: પ્રાપ્તિ સ્થાન :**

**શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેટ : ભાવનગર.**

For Private And Personal Use Only